અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ નવેમ્બર ૨૦૨૩, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક સુદ અગિયારસ | અંક : ૧૧૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### આ યુદ્ધવિરામના કારણે ગાઝા સુધી માનવીય સહાય પણ પહોંચી શકશે

## યુદ્ધ વિરામ માટે ઇઝરાયલની મંજૂરી, ૫૦ બંધકોને મુક્ત કરશે હમાસ

। નવી દિલ્હી, તા.૨૨ ।

ઈઝરાયલ સરકારે હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલી ૫૦ મહિલાઓ અને બાળકોની મુક્તિના બદલામાં ૪ દિવસના યુદ્ધવિરામને મંજૂરી આપી છે. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુની ઓફિસે જણાવ્યું હતું કે ઈઝરાયલ સરકારે ગાઝામાં બંધક તરીકે રાખવામાં આવેલી ૫૦ મહિલાઓ અને બાળકોને મુક્ત કરવા માટે હમાસ આતંકવાદીઓ સાથેની ડીલને સમર્થન આપ્યું હતું. સાથે સાથે ઈઝરાયલ સરકાર તેમની જેલમાં બંધ પેલેસ્ટાઈનના ૧૫૦ મહિલા અને સગીર કેદીઓને મુક્ત કરવા પર સહમત થઈ હતી. એવા લોકોને મુક્ત કરવામાં આવશે જેમના પર કોઈ ઘાતક આતંકવાદી હુમલામાં સામેલ હોવાનો સીધો આરોપ લાગ્યો નથી. આ કરાર અનુસાર, ૯૬ કલાક દરમિયાન લડાઈ અટકાવવાના બદલામાં પ્રથમ ચાર દિવસમાં હમાસ દ્વારા ૫૦ બંધકોને મુક્ત કરવામાં આવશે. હમાસ દ્વારા લગભગ ૪૦ બાળકો અને ૧૩ મહિલાઓને બંધક બનાવવામાં આવી છે. મંજૂર થયેલા કરારમાં ૩૦ બાળકો, આઠ માતાઓ અને ૧૨ અન્ય મહિલાઓની મુક્તિનો સમાવેશ થાય છે. ૫૦ બંધકોને એકસાથે નહીં પરંતુ નાના જૂથોમાં છોડવામાં આવશે.



**૫૦ બંધકોને એકસાથે નહીં પરંતુ નાના જૂથોમાં છોડવામાં આવશે**

જો આગામી ચાર દિવસ સુધી લડાઈ રોકવામાં આવે તો ગાઝામાં રાખવામાં આવેલા બાકીના ૩૦ બંધકોને મુક્ત કરવામાં આવે તેવી શક્યતા છે. કતારના અધિકારીઓ ઇઝરાયેલ અને હમાસ વચ્ચેના કરારમાં મધ્યસ્થી કરી રહ્યા છે. પીએમ નેતન્યાહુએ કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડને ડીલ સુધી પહોંચવામાં મદદ કરી જેથી તેમાં વધુ બંધકો મુક્ત કરવામાં આવશે. છેલ્લા દોઢ મહિનાથી ગાઝા પર ઈઝરાયેલના સતત હુમલા બાદ આ પ્રથમ યુદ્ધવિરામ હશે. આ યુદ્ધવિરામના કારણે ગાઝા સુધી માનવીય સહાય પણ પહોંચી શકશે. જોકે, આ યુદ્ધવિરામ ક્યારે અમલમાં આવશે તે સ્પષ્ટ નથી. એવી અપેક્ષા છે કે ગુરૂવારથી બંધકોને મુક્ત કરવામાં આવશે. ઇઝરાયેલી સરકારે કહ્યું કે તે મુક્ત કરાયેલા દરેક ૧૦ બંધકો માટે એક વધારાનો દિવસ યુદ્ધ વિરામમાં લંબાવશે. નેતન્યાહુએ કહ્યું કે જ્યાં સુધી હમાસનો ખાત્મો ન થાય અને તમામ બંધકોને મુક્ત કરવામાં ન આવે ત્યાં સુધી યુદ્ધ ચાલુ રહેશે. "અમે યુદ્ધમાં છીએ અને જ્યાં સુધી અમે અમારા તમામ લક્ષ્યો પ્રાપ્ત ન કરીએ ત્યાં સુધી અમે યુદ્ધ ચાલુ રાખીશું. હમાસને નષ્ટ કરવા અમારા તમામ બંધકોને છોડાવવા અને ગાઝામાં ઇઝરાયલ વિરોધી કોઇ રહે નહી તેની પણ ખાતરી કરવામાં આવશે.

### કાશ્મીરને લઈને પાકિસ્તાનના કકડાટને ભારતે ફગાવી દીધો

। ન્યૂયોર્ક, તા.૨૨ ।

ભારતે યુએનની સુરક્ષા પરિષદની બેઠકમાં પાકિસ્તાને કાશ્મીરને લઈને કરેલા કકળાટને ફગાવી દીધો છે અને અયોગ્ય ઠેરવ્યો છે. સુરક્ષા પરિષદમાં આંતરરાષ્ટ્રીય શાંતિ તેમજ સુરક્ષાને કેવી રીતે પ્રોત્સાહન આપી શકાય તે વિષય પર ચર્ચા ચાલી રહી હતી ત્યારે પાકિસ્તાનના યુએનના રાજદૂત મુનીર અકરમે આદત પ્રમાણે પોતાની ટિપ્પણીમાં કાશ્મીરનો સંદર્ભ આપ્યો હતો. જેના પર ભારતના રાજદૂત આર મધુસૂદને કહ્યુ હતુ કે, મારા દેશ સામે એક પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલી અયોગ્ય અને આદત અનુસારની ટિપ્પણીઓને ફગાવી દેવામાં મને માત્ર ગણતરીની સેકન્ડ લાગશે પણ હું તેના પર પ્રતિક્રિયા આપીને આ પ્રતિનિધિને સન્માનિત કરવા માંગતો નથી.

### રિઝર્વ બેન્કે મોંઘવારી ઘટાડવા અનેક પગલાં લીધા


## રિસ્ક વેટેજ પર બેન્કોએ ટેસ્ટની જેમ લાંબી ઈનિંગ્સ રમવી જરૂરી : દાસ

### ગવર્નર શક્તિકાંત દાસે રિસ્ક વેટેજ મામલે પણ પોતાનો અભિપ્રાય રજૂ કર્યો

। નવી દિલ્હી, તા.૨૨ ।

દેશમાં વધતી જતી મોંઘવારી અંગે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યુ કે વર્તમાન સમયમાં ચોતરફી પડકારો સામે આવી રહ્યા છે. દુનિયાભરમાં સંકટની સ્થિતિ જોવા મળી રહી છે. એટલા માટે અમે મોંઘવારી ઘટાડવા માટે અનેક પગલાં ભર્યા છે. સાથે જ ગત ૧.૫ વર્ષમાં જે નિર્ણયો આરબીઆઈએ લીધા છે તેનાથી દેશમાં સ્થિતિ સ્થિર રહી છે.

ગવર્નર શક્તિકાંત દાસે રિસ્ક વેટેજ મામલે પણ પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો. તેમણે કહ્યુ કે ભારે મંથન બાદ આ નિર્ણય લેવાયો છે. એટલા માટે બેક્રોએ લાંબા પ્લાન પર કામ કરવાની જરૂર છે. શોર્ટ ટર્મમાં ક્યાંક ને ક્યાંક બેક્રો સાથે ઈકોનોમીને પણ ખતરો હોઈ શકે છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલાં જ આરબીઆઈએ અનસિક્યોર્ડ લોન પર રિસ્ક વેટેજ ૨૫ ટકાના દરે વધારી દીધો હતો. જેના બાદથી બેન્કોએ વધારે રિઝર્વ અનસિક્યોર્ડ લોન માટે બનાવવું પડી રહ્યું છે.



**અમારી નજરો દેશની મોંઘવારી પર**

ગવર્નર શક્તિકાંતે કહ્યું કે હાલમાં બેન્ક પર્સનલ લોનની સાથે ઓટો સેક્ટરમાં પણ ઝડપથી લોન આપી રહી છે. એટલા માટે કંઝ્યૂમર લોન્ સુધી જ રિસ્ક વેટેજને વધારાયું છે. અનસિક્યોર્ડ લોનથી દેશની ઈકોનોમી પર પ્રેશર વધે છે એટલા માટે રિસ્ક વેટેજનો નિર્ણય ઠીક છે. બેન્કોએ ટેસ્ટ મેચની જેમ લાંબી ઈનિંગ રમવા પર ધ્યાન આપવું જોઇએ. મોંઘવારી પર કાબૂ મેળવવા માટે આરબીઆઈએ રેપો રેટ માર્કેટમાં સ્થિતિ મુજબ ફેરફાર કર્યા છે. અમારી નજરો દેશની મોંઘવારી પર છે. રિટેલના પરિણામ આશા પ્રમાણેના જ છે તેમ છતાં અમારી નજર રેપો રેટ પર છે. જ્યારે ભારતીય રૂપિયાએ પણ અમેરિકી માર્કેટના પ્રેશરમાં ખુદને વધારે તૂટવા નથી દીધો.

**ન્યૂઝ બ્રિફ**

### પરખના એજ્યુ. એચિવમેન્ટ સરવેમાં પાંચ રાજ્યોએ ભાગ લીધો નહોતો

। નવી દિલ્હી, તા.૨૨ ।

એનસીઈઆરટી હેઠળ આવતી પર્ફોમન્સ એસેસમેન્ટ, રિવ્યૂ એન્ડ એનાલિસિસ ઓફ નોલેજ ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ (પરખ) દ્વારા આયોજિત પ્રથમ સ્ટેટ એજ્યુકેશન એચિવમેન્ટ સરવેમાં દેશના પાંચ રાજ્યોએ ભાગ લીધો નહોતો. આ રાજ્યોમાં બિન ભાજપશાસિત પક્ષોની સરકાર છે. શિક્ષણ મંત્રાલયના અધિકારીઓએ કહ્યું કે આ સરવેનો ઉદ્દેશ્ય સ્કૂલના અભ્યાસ અને શીખવામાં સુધારાની જરૂરિયાતવાળા ક્ષેત્રોની ઓળખ કરવાનો છે.

### અસુદુદીનના નાના ભાઈ ઓવૈસી સામે એફઆઈઆર

। નવી દિલ્હી, તા.૨૨ ।

ઓલ ઈન્ડિયા મજલિસ એ ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) ના ફાયરબ્રાન્ડ નેતા અકબરુદ્દીન ઓવૈસી વિરુદ્ધ ચૂંટણી પ્રચાર દરમિયાન એક પોલીસ ઈન્સ્પેક્ટરને ધમકાવવા મામલે કેસ દાખલ કરવામાં આવ્યો છે. અસદુદ્દીન ઔવેસીના નાના ભાઈ અકબરુદ્દીન ઓવૈસી પર ૩૫૩, ૧૫૩(એ), ૫૦૬, ૫૦૫(૨) અને આરપી એક્ટની ધારા ૧૨૫ હેઠળ સંતોષનગર પોલીસે એફઆઈઆર નોંધી છે.

### રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર અંતિમ તબક્કામાં

## રાજસ્થાનમાં અશોક ગેહલોતની સરકાર નહીં બને : પીએમ મોદી

। ડુંગરપુર, તા.૨૨ ।

રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણી પ્રચાર અંતિમ તબક્કામાં પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત અંગે એત ભવિષ્યવાણી કરી છે. પીએમ મોદીએ આ ભવિષ્યવાણી સાચી સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, રાજસ્થાનમાં હવે પછી ક્યારેય અશોક ગેહલોતની સરકાર નહીં બનશે. પીએમ મોદીએ આજે રાજસ્થાનના ડુંગરપુરમાં જનસભાને સંબોધિત કરી હતી. સાગવાડામાં આયોજિત વિશાળ જનસભામાં તેમણે અશોક ગેહલોત સરકાર પર ભ્રષ્ટાચાર, કાયદો



વ્યવસ્થા અને પેપર લીક મુદ્દે અનેક આરોપો લગાવ્યા. આ સાથે જ પીએમ મોદીએ અશોક ગેહલોત અંગે ભવિષ્યવાણી પર કરી નાખી. તેમણે કહ્યું કે, આજે હું એક ભવિષ્યવાણી કરવા માગુ છું કે આ વખતે તો નહીં જ પરંતુ હવે પછી ક્યારેય પણ રાજસ્થાનમાં અશોક ગેહલોતની સરકાર નહીં બનશે.

### સુપ્રીમની કડક ફટકાર પર રામદેવનો જવાબ

## મેડિકલ માફિયા પતંજલિ વિરૂદ્ધ પ્રચાર કરે છે : રામદેવ

### પતંજલિએ ક્યારેય ખોટો પ્રચાર કર્યો નથી, દવાઓ સંશોધન પર આધારિત હોવાનો યોગગુરૂનો દાવો

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતની સર્વોચ્ચ અદાલતે બાબા રામદેવની પતંજલિ આયુર્વેદ પ્રોડક્ટ પર કડક ફટકાર લગાવી છે અને કડકાઈ સાથે કહ્યું હતું કે, તેઓ ભ્રામક જાહેરાતો બંધ કરે. ત્યારે આ મામલે યોગગુરુ અને પતંજલિના સ્થાપક બાબા રામદેવે જવાબ આપ્યો છે. સુપ્રીમ કોર્ટની ટીપ્પણી બાદ રામદેવે કહ્યું કે, પતંજલિએ ક્યારેય ખોટો પ્રચાર કર્યો નથી. અમારી દવાઓ સંશોધન પર આધારિત છે. રામદેવે ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, મેડિકલ માફિયાઓ અમારા વિરુદ્ધ પ્રોપગેંડા ચલાવી રહ્યા છે.

બાબા રામદેવે કહ્યું કે, પતંજલિ વિરુદ્ધ ૫ વર્ષથી પ્રોપેગેંડા ચલાવાઈ રહ્યો છે.



અમને સતત ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. મારી પાછળ મેડિકલ માફિયાઓ પડ્યા છે. તેમણે કહ્યું કે, અમે સુપ્રીમ કોર્ટનું સન્માન કરીએ છીએ. અમે ખોટા વચનો આપતા નથી. ઉલ્લેખનિય છે કે, પતંજલિ દ્વારા ભ્રામક જાહેરાતો તેમજ એલોપેથીક અંગે બાબા રામદેવના વિવાદાસ્પદ નિવેદન મામલે ગઈકાલે (મંગળવાર) સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં સુપ્રીમ કોર્ટે આધુનિક દવાઓ અને રસીકરણ મામલે પતંજલિ આયુર્વેદની જાહેરાતો પર નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે પતંજલિને કહ્યું કે, તેઓ કોઈપણ ભ્રામક જાહેરાત કે ખોટો દાવો ન કરે. કોર્ટે પતંજલિને ચેતવણી આપતા કહ્યું હતું કે, મોટો દંડ ફટકારવામાં આવશે. પતંજલિને ચેતવણી આપવાની સાથે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારનો પણ ઉલ્લેખ કર્યો છે. સુપ્રીમ કોર્ટે ભ્રામક મેડિકલ જાહેરાતોનો નિવેડો લાવવા કેન્દ્ર સરકારને પ્રસ્તાવ રજુ કરવા કહ્યું છે.

### નિયમોનું પાલન ન કરવા બદલ એર ઈન્ડિયાને ૧૦ લાખનો દંડ

। નવી દિલ્હી, તા.૨૨ ।

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ નિયમોનું પાલન ન કરવા બદલ ટાટા ગ્રૂપ (ટાટા ગ્રુપ)ની માલિકીની એર ઈન્ડિયા (એર ઈન્ડિયા)ને ૧૦ લાખ રૂપિયાનો નાણાકીય દંડ ફટકાર્યો છે. ડીજીસીએએ જણાવ્યું કે, મે અને સપ્ટેમ્બરમાં દિલ્હી, કોચી અને બેંગ્લોર એરપોર્ટ પર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં એર ઈન્ડિયાએ મુસાફરોને અપાતી સુવિધા, વળતર સંબંધિત બાબતોના ડીજીસીઆઈના નિયમો મુજબ પાલન કર્યું ન હતું.

### સેના અને પોલીસના સંયુક્ત મોર્ચાની ઘેરાબંધી

## રાજૌરીમાં આતંકીઓની સાથે અથડામણમાં બે જવાનો શહીદ

। રાજૌરી, તા.૨૨ ।

જમ્મૂ કાશ્મીરના રાજૌરીમાં આતંકવાદીઓ સાથે અથડામણમાં સેનાના બે જવાનો શહીદ થઈ ગયા છે. અધિકારીઓએ જણાવ્યું કે, સવારથી ધર્મસાલના બાજીમાલ વિસ્તારમાં સેના અને જમ્મુ કાશ્મીર પોલીસના સંયુક્ત મોર્ચાની ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન દરમિયાન આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે શરૂ થયેલી અથડામણ ચાલુ જ છે. આ વચ્ચે પોલીસે શ્રીનગરના બેમિના વિસ્તારમાંથી બે આતંકવાદીઓને હથિયારો અને દારૂ ગોળા સાથે પકડ્યા છે. નાયબ પોલીસ મહાનિરીક્ષક હસીબ મુગલે જણાવ્યું કે, પોલીસ અને સુરક્ષા દળોની ટીમે ખૂબ જ વિશિષ્ટ ઈનપુટ પર આ વિસ્તારમાં ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

### ઈઝરાયેલ-હમાસ જંગમાં ચાર દિવસનો યુદ્ધ વિરામ

## ઈઝરાયેલ-હમાસ યુદ્ધના સ્થાયી સમાધાન માટે ભારત પર નજર

। તેલ અવીવ, તા.૨૨ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના જંગના ૪૬મા દિવસે આખરે બંને પક્ષો વચ્ચે ચાર દિવસના યુધ્ધ વિરામ પર સંમતિ સધાઈ છે પણ આ યુધ્ધનુ સ્થાયી સમાધાન હજી થયુ નથી.

આ માટે ઈસ્લામિક તેમજ આરબ દેશોના નેતાઓને ભારત પર મોટી આશા છે. આ મુદ્દા પર ચર્ચા કરવા માટે આરબ લીગના વિદેશ મંત્રીઓ આગામી સપ્તાહે ભારત આવે તેવી આશા છે. આરબ જગતના વિદેશ મંત્રીઓ આ પહેલા ચીન ગયા હતા અને હવે ત્યાંથી પાછા ફરી રહ્યા છે અને બહુ જલ્દી તેઓ દિલ્હી આવશે. આ બેઠકમાં ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર પણ સામેલ થશે.

### ખીણમાં આતંકવાદીઓ વિરુદ્ધ સતત ઓપરેશન જારી

## આતંકી પ્રવૃત્તીમાં સંડોવણી માટે ચાર સરકારી કર્મચારી બરતરફ

। જમ્મુ, તા.૨૨ ।

ઘાટીમાં આતંકવાદીઓ વિરુદ્ધ સતત ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે આતંકવાદી પ્રવૃતિઓમાં સંડોવણી બદલ ચાર સરકારી કર્મચારીઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે અને તેમને નોકરીમાંથી બરતરફ કર્યા છે. ઘાટીમાં છેલ્લા ઘણા દિવસોથી આતંકવાદીઓ વિરુદ્ધ સેનાનું ઓપરેશન ચાલી રહ્યું છે અને આ ઓપરેશનમાં કેટલાય આતંકવાદી ઠાર કરવામાં આવ્યા છે ત્યારે હવે સરકારે ચાર સરકારી કર્મચારીઓ સામે આતંકવાદી પ્રવૃતીઓમાં સંડોવણી બદલ મોટી કાર્યવાહી કરતા તેમને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે.



## ન્યુઝ બોક્ષ

### 1200 GB ડેટા તપાસી આરોપી સુધી પહોંચી પોલીસ

। અમદાવાદ, તા.૨૨ ।

કચ્છમાં વેપારીના પુત્રના અપહરણ અને હત્યાના કેસનો ભેદ પોલીસે ઉકેલી લીધો છે. મળતી જાણકારી અનુસાર, ગાંધીધામ વેપારી પુત્ર યશ તોમરના અપહરણ અને હત્યા કેસનો પૂર્વ કચ્છ પોલીસે ભેદ ઉકેલી નાંખ્યો હતો. વેપારી પુત્રના હત્યા કેસમાં રાજેન્દ્ર કાલરિયા અને કિશન સીંચ નામના બે આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું આરોપી રાજેન્દ્રએ લાખો રૂપિયા વસૂલવાના ઈરાદે પૈસાદાર પરિવારના દિકરાનું અપહરણ કર્યું હતું. પોલીસે છેલ્લા ૧૫ દિવસથી વિવિધ ટીમો બનાવી સીસીટીવી ફૂટેજની ઉલટ તપાસ શરૂ કરી હતી. ૧ હજાર ૨૦૦ જીબીના ડેટાની તપાસ કરતા પોલીસ આરોપી સુધી આવી પહોંચી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે આરોપીઓ મદદ કરવાના બહાને વેપારી પુત્રને વિરાન જગ્યાએ લઈ ગયા હતાં. જ્યાં પાઈપથી ઘા મારી હત્યા નિપ જાવ્યા બાદ ગળેટૂંપો આપ્યો હતો. બનાવને અંજામ આપ્યા પહેલા ૪૫ દિવસની રેકી કરી હતી. આ બાબતે પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારેએ જણાવ્યું હતું કે, ૬ નવેમ્બરના રોજ યશ તોમરનું અપહરણ થયાની જાણકારી તેના પરિવારે આપી હતી. બાદમાં પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી યુવકની શોધખોળ શરૂ કરી હતી. આ કેસ મામલે અંજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. અપહરણકારોએ યશના પરિવાર પાસે ખંડણીની પણ માંગણી કરી હતી. ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપી રાજેન્દ્રકુમાર ઉર્ફે રાજુ નરસિંહભાઈ કાલરીયાનું થોડા સમયથી કામ ચાલતું ન હતું જેથી તે આર્થિક સંકડામણમાં ફસાયો હતો. જેથી તેણે કિશન સાથે મળીને યશનું અપહરણ કર્યું હતું અને તેના પરિવારને ખંડણી માટે ફોન કર્યો હતો. બાદમાં યશની હત્યા કરી નાખી હતી.

### દિવાળી બાદ સિંગતેલના ભાવમાં કડાકો

# રાજકોટમાં સિંગતેલના પ્રતિ ડબ્બે ૪૦ રૂપિયાનો ઘટાડો

### તહેવારો બાદ ખાદ્યતેલોમાં ઘટાડોનો સિલસિલો શરૂ થયો

। રાજકોટ, તા.૨૨ ।

રાજ્યમાં દિવાળીના તહેવારોનો માહોલ પુરો થઇ ગયો છે, તહેવારો પુરા થતાંની સાથે જ ફરી એકવાર સિંગતેલના ભાવમાં જોરદાર કડાકો નોંધાયો છે. સિંગતેલના ભાવમાં રાજકોટમાં ૪૦ રૂપિયાનો ઘટાડો થયાના સમાચાર છે. મળતી માહિતી પ્રમાણે, દિવાળીના તહેવારો બાદ ખાદ્યતેલોમાં ઘટાડોનો સિલસિલો શરૂ થયો છે. હાલમાં જ રાજકોટમાં સિંગતેલના ભાવ ગગડ્યા છે. રાજકોટમાં આજે સિંગતેલના ભાવમાં પ્રતિ ડબ્બે ૪૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. નવી મગફળી ઓઈલ મિલોમાં પિલાણ માટે આવતા સિંગતેલના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. સિંગતેલનો ડબ્બો હવે



નવા ભાવ પ્રમાણે ૨૬૨૫થી ઘટીને ૨૫૮૫ રૂપિયા સુધી પહોંચ્યો છે. જોકે, સિંગતેલના ભાવમાં હજુ પણ ઘટાડો થવાનો અંદાજ છે, દિવાળી પહેલા આ ભાવ ૨૭૦૦ આસપાસ હતો, જે છેલ્લા ૧૦ દિવસમાં સિંગતેલનો ડબ્બો ૯૦ રૂપિયા જેટલો ઘટ્યો છે. દિવાળી પહેલા રાજ્યમાંથી ઠેર ઠેર ભાવ વધારાના સામાચાર સામે આવી રહ્યાં છે. હાલમાં મળતા સમચાર પ્રમાણે, રાજકોટમાં આજે કપાસિયા તેલના ભાવનાં જોરદાર વધારો જોવા મળ્યો છે.

આજે એક જ દિવસમાં કપાસિયા તેલના ડબ્બા દીઠ ૧૦૦ રૂપિયાનો વધારો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયુ છે. મળતી માહિતી પ્રમાણે, દિવાળી ટાણે જ રાજકોટમાં ફરી એકવાર કપાસિયા તેલના ભાવનાં ભડકો જોવા મળ્યો છે. રાજકોટમાં કપાસિયા તેલના ભાવમાં ભડકાથી લોકોની દિવાળી બગડી શકે છે, આજે એક જ દિવસમાં ડબ્બે ૧૦૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. કપાસિયા તેલના ૧૫ કિલો બ્રાન્ડેડ ડબ્બાનો ભાવ ૧૫૧૦ હતો જે વધી ૧૬૧૦ રૂપિયાના ભાવે પહોંચ્યો છે. કપાસિયા તેલના ભાવને પગલે સિંગતેલના ભાવ પણ વધે તેવી શકયતાઓ ઉભી થઈ છે.

### હસમુખ પટેલ સાહેબના નામ વાળો ઓર્ડર મળી જશે!

## સરકારી નોકરીની લાલચ આપી રૂપિયા પડાવ્યા

। રાજકોટ, તા.૨૨ ।

૧૦ લાખ રૂપિયા આપી સરકારી નોકરી મેળવવાની લાલચ યુવાનો અને યુવતીઓને ભારે પડી હોવાનું સામે આવ્યું છે. રાજકોટ ગ્રામ્ય પોલીસના પાટણવાવ પોલીસ સ્ટેશન ખાતે ૨૯ વર્ષીય રવિ રાજ કુંડારિયા દ્વારા નવનીત રામાણી અને નિકુંજ નામના વ્યક્તિ વિરુદ્ધ આઈપીસી ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તેમજ ૧૨૦ બી અંતર્ગત પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસ દ્વારા ૨૮ વર્ષીય નવનીત રામાણીની ધરપકડ કરવામાં આવી છે. તેમજ ગુનાના કામે આરોપી નવનીત રામાણીને કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટ દ્વારા આરોપીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. આરોપી દ્વારા યુવાનોને સરકારી નોકરીની લાલચ આપી રૂપિયા પડાવી લેવા માટે કાવતરું રચવામાં આવ્યું હતું. તો સાથે જ આરોપીઓ દ્વારા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા ઈસ્યુ કરવામાં આવતા ફાળવણી પત્ર જેવા જ બનાવટી ફાળવણી પત્ર બનાવવામાં આવ્યા હતા. તો સાથે જ નિયામક આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર દ્વારા ઈસ્યુ કરવામાં આવતો દફતરી આદેશ જેવો જ બનાવટી દફતરી આ દેશપત્ર બનાવવામાં આવ્યો હતો.

### ગોધરામાં ફૂડ વિભાગના દરોડા, નશીલા પદાર્થવાળી ચા વેચાતી હોવાની ફરિયાદ

। પંચમહાલ, તા.૨૨ ।

પંચમહાલમાં ફૂડ વિભાગે દરોડા પાડ્યા હતા. ગોધરાના બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલ મહાકાળી ટી સેન્ટર પર પ્રાંત અધિકારી તેમજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા હાથ તપાસ ધરાઈ હતી. મહાકાળી ટી સેન્ટર દ્વારા આપવામાં આવતી ચામાં નશીલા પ દાર્થો ઉમેરવામાં આવતી હોવાની ફરિયાદના આધારે તપાસ હાથ ધરાઈ હતી. પ્રાંત અધિકારી, ફૂડ એન્ડ ડ્રગ્સ અને એફ.એસ.એલની ટીમો દ્વારા ચાના નમુના મેળવી તપાસ હાથ ધરવામાં આવી છે. મહાકાળી ટી સેન્ટર દ્વારા નશીલા પદાર્થવાળી ચા આપવામાં આવતીહોવાની ફરિયાદ બાદ પ્રાંત અધિકારી અને ફૂડ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

### મંગેતરને બાઇકની ટાંકી પર બેસાડીને જોખમી સવારી

# વડોદરામાં સ્ટન્ટબાજ કરતો યુવકને પોલીસે ઝડપી પાડ્યો

### વડોદરામાં ધૂમ સ્ટાઈલમાં યુવતીને બાઇક પર આગળ બેસાડીને સ્ટંટ કરતા યુવકનો વીડિયો વાયરલ થયો હતો

। વડોદરા, તા.૨૨ ।

વડોદરામાં થોડાક સમય પહેલા જાહેર રસ્તાં પર સ્ટન્ટબાજી કરતો એક યુવકનો વીડિયો સામે આવ્યો હતો, હવે પોલીસે આ ઘટના અંગે એક્શન લેતા સ્ટન્ટબાજ યુવકને ઝડપી પાડ્યા છે. વડોદરાના ન્યૂ વીઆઈપી રૉડ પર સ્ટન્ટબાજ યુવક કલ્પેશ દરબાર પોતાની મંગેતરને તેની બાઈકની ટાંકી પર બેસાડીને રસ્તાં પર જોખમીભર્યા સ્ટન્ટ કરીને સવારી કરતો હતો, આ અંગે પોલીસે ગુનો નોંધ્યા હતો, અને હવે તેને ઝડપી પાડવામાં આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે, વડોદરામાં થોડાક સમય પહેલા પોતાની મંગેતરને પોતાની બાઈકની ટાંકી પર બેસાડીને જોખમી સવારી કરીને સ્ટન્ટ કરતા યુવકે ઝડપી પાડવામાં આવ્યો છે. હરણી પોલીસે બાઈકના નંબરના આધારે તપાસ કરીને ગુનો દાખલ કર્યો હતો. શહેરના ન્યૂ વીઆઈપી રૉડ પર મિલન પાર્ટી પ્લૉટ પાસે કલ્પેશ દરબાર નામનો યુવક બાઈક ચલાવી રહ્યો હતો, કલ્પેશે તેની મંગેતરને બાઈકની પેટ્રોલની ટાંકી પર બેસાડી હતી અને જોખમી સ્ટન્ટ કરતો હતો, આ ઘટના છઠ્ઠ પૂજાની રાતની છે, આનો વીડિયો સોશ્યલ મીડિયા પર ખુબ જ વાયરલ થયો હતો. જે બાદ હરણી પોલીસે તપાસ કરી બાઈક નંબરના આધારે કલ્પેશ દરબાર સામે આઈપીસી કલમ ૨૭૯ તથા એમ.વી એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જોકે, હવે આરોપી કલ્પેશ દરબારને પોલીસે ઝડપી પાડ્યો છે. બાઈક ચાલક પાસે લાયસન્સ પણ ના હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. સંસ્કારી નગરીની લાજ દુભાવે તેવો કિસ્સો સામે આવ્યો છે. વડોદરામાં ધૂમ સ્ટાઈલમાં યુવતીને બાઈક પર આગળ બેસાડીને સ્ટંટ કરતા યુવકનો વીડિયો વાયરલ થયો છે. શહેરના વીઆઈપી રોડ પર નવયુવાન યુવતીને બાઈક પર આગળ ઊંધી બેસાડી રોમાન્સ કરતા નજરે પડ્યો હતો. યુવક કોણ છે તે હજુ સ્પષ્ટ થયું નથી. યુવક પોલીસ સામે પડકાર ફેંકી રહ્યો હોય તેવું સ્પષ્ટ નજરે પડી રહ્યું છે. થોડા મહિના પહેલા લખનઉના વીઆઈપી વિસ્તારના લોહિયા પથ રોડ પર કારનું સન રૂફ ખોલીને



રોમાંસ કરતાં યુવક, યુવતીનો વીડિયો વાયરલ થયો હતો. વાયરલ વીડિયોમાં કારમાં સવાર યુવક અને યુવતી બેશર્મીની તમામ હદો પાર કરતાં જોવા મળ્યા હતા. આ પહેલા લખનઉના હઝરતગંજનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. હઝરતગંજના એક વ્યસ્ત રોડ પર સ્કૂટી પર સવાર એક યુવક-યુવતી પોતાનો જીવ જોખમમાં મુકીને અશ્લીલ હરકતો કરતું જોવા મળ્યું હતું. વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ પોલીસ એક્શનમાં આવી ગઈ હતી વીડિયો મુજબ એક કપલ ચાલતી સ્કૂટી પર એકબીજાને કિસ કરી રહ્યું છે. યુવતી યુવકના ખોળામાં બેઠી હતી. આ કેસમાં યુવકની ધરપકડ કરવામાં આવી હતી. મોટર વ્હીકલ એક્ટ અને અશ્લીલતા ફેલાવવાના આરોપમાં યુવક વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. આ કપલનો વીડિયો તેમને ફોલો કરતા લોકોએ બનાવ્યો હતો અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. વીડિયો વાયરલ થયા બાદ પોલીસ એક્શનમાં આવી ગઈ હતી અને સીસીટીવી કેમેરાની મદદથી યુવકને શોધી કાઢવામાં સફળ રહી હતી. હઝરતગંજ ઈન્ટરસેક્શન પાસે એક યુવક અને યુવતી સ્કૂટી પર ટ્રાફિકના નિયમોનો ભંગ કરી રહ્યાં છે. સ્કૂટી ચલાવતા યુવકના ખોળામાં બેઠેલી યુવતી યુવકને કિસ કરતી જોવા મળે છે. મંગળવારે મોડી સાંજે વીડિયો વાયરલ થયા બાદ યુપી પોલીસના ટ્વિટર હેન્ડલ પરથી સ્કૂટી સવાર યુવકો સામે કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

### યુવકનો વીડિયો અન્ય વાહન ચાલકે શૂટ કર્યો

## વડોદરામાં યુવતીને બાઇક પર આગળ બેસાડી યુવકે જોખમી સ્ટંટ કર્યા

। વડોદરા, તા.૨૨ ।

સંસ્કારી નગરી તરીકે ઓળખાતા વડોદરામાં જાહેર માર્ગ પર બિદાસ રીતે યુવતીને બાઈક પર આગળ બેસાડી જોખમી રીતે સ્ટંટ કરતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયો વડોદરાનાં ફૈં રોડ વિસ્તારનો વિડીયો હોવાનું અનુમાન છે. આજનાં યુવાધન દ્વારા અવાર નવાર સોશિયલ મીડિયામાં રાતો રાત સ્ટાર બનવા માટે જીવનાં જોખમે વીડિયો બનાવતા હોય છે. ત્યારે આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસે વીડિયોનાં આધારે તપાસ હાથ ધરી છે. રાત્રીનાં સમયે ઠંડીના આનંદ માણતા યુવક-યુવતી તેઓની મસ્તીમાં બાઈક ઉપર ફરવા નીકળ્યા હતા. તે સમયે કોઈ શખ્શ દ્વારા આ બંને યુવક-યુવતીનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધો હતો.

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ વીડિયોનાં આધારે હરણી પોલીસે યુવક-યુવતીની તપાસ હાથ ધરી છે. ત્યારે વીડિયોમાં ગર્લફ્રેન્ડને લઈ જોખમી રીતે બાઈક પર નીકળેલ શખ્સ કોણ છે.

### ૧૦૦ લોકોએ ધર્મ પરિવર્તન માટે અરજી કરી હતી

## રાજકોટમાં ૧૦૦ લોકોએ બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા કરી ધર્મ પરિવર્તનની અરજી

। રાજકોટ, તા.૨૨ ।

રાજકોટમાં ૧૦૦ લોકોએ ધર્મ પરિવર્તન માટે અરજીઓ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરમાં ૧૦૦ લોકોએ ધર્મ પરિવર્તન માટે અરજી કરી હતી. બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા અરજીઓ કરવામાં આવી હતી. છેલ્લા ૭ મહિનામાં રાજકોટમાંથી ૧૦૦ અરજી કરવામાં આવી છે. અમુક અરજીઓ સામૂહિક પરિવારના ધર્મપરિવર્તન માટે કરવામાં આવી છે. હિન્દુઓને ધર્મ પરિવર્તન કરાવવા માટે મિશનરી સંસ્થાઓ સક્રિય થઈ હોવાનું પણ સૂત્રો કહી રહ્યા છે. છેલ્લા ૭ મહિનામાં રાજકોટ શહેરમાં ૧૦૦ જેટલી અરજીઓ થઈ છે. રાજકોટ જિલ્લા કલેકટર કચેરીમાં અનેક પ્રકારની અરજીઓ આવતી હોય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કલેકટર પાસે છેલ્લા ૬ મહિનામાં ધર્મ પરિવર્તન અંગે ૧૦૦ થી વધુ અરજીઓ આવી છે. સુત્રોએ ઉમેયુ હતું કે દર મહિને નવી નવી અરજીઓ આવતી હોય છે, અરજીઓના સચોટ કારણો તપાસાયા બાદ આ અંગે નિર્ણય લેવામાં આવે છે.

### સહકારી કોટન જીનમાં આગની ઘટના નોંધાઈ

## હિંમતનગર કોટન સહકારી જીનમાં વેલ્ડીંગ કામ કરતા આગ ફાટી નીકળી

। સાબરકાંઠા, તા.૨૨ ।

હિંમતનગર શહેરમાં આવેલ સહકારી કોટન જીનમાં આગ લાગવાને લઈ કારણે અફરાતફરી મચી ગઈ હતી. એકાએક જ કોટન જીનમાં આગ પ્રસરતા અને કોટનનો જથ્થો જીનમાં મોજૂદ હોવાને લઈ જીન અને આસપાસમાં રહેલા લોકોમાં ઘડીકભરતો ફફડાટ વ્યાપી ગયો હતો. જોકે જીનની ફાયર સેફટી વ્યવસ્થા સમયે કામ આવતા આગને વધુ ફેલાતા રોકવાનો પ્રયાસ થઈ શક્યો હતો. આગ લાગવાનુ કારણ મશીનરીનુ સમારકામ કરવા દરમિયાન વેલ્ડીંગ મશીનનો ઉપયોગ હોવાનુ સામે આવ્યુ હતુ. વેલ્ડીંગ મશીનનો ઉપયોગ કોટન જીનમાં કરાતા તણખાં વેલ્ડીંગના ઝરતા તે હવાથી કોટનના જથ્થામાં લાગતા જ આગ પ્રસરી હતી. આગને પગલે સ્થાનિક ફાયર ટીમને જાણ કરાઈ હતી. ફાયરની ટીમો ઝડપભેર આવી પહોંચતા આગને કાબૂમાં લઈ શકાઈ હતી. આગને કારણે મશીનરીને નુકસાન પહોંચ્યુ હોવાનુ સામે આવ્યુ છે. જોકે આગને મામલે હવે તપાસ કાર્યવાહી હાથ ધરાશે અને બેદરકારી હોવા અંગે પણ તપાસ કરાશે.

**વિશેષ** | રાજયમાં વલસાડ અને બનાસકાંઠા જિલ્લામાં આ મોબાઇલ વાનથી ટી.બી.ના રોગનું સ્ક્રીનીંગ શરૂ કરવામાં આવ્યું

# કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેએ મોબાઈલ ટીબી સ્ક્રિનિંગ યુનિટ વાનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

વલસાડ જીલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા. એસ આગ્રેએ આજરોજ ફુજીફિલ્મ ઈન્ડિયા અને એપોલો ટેલી હેલ્થ અને ઈન્ટરનેશનલ એજન્સી The Union સાથે કોર્પોરેટ સોશીયલ રીસ્પોન્સબીલીટી (C. S. R.) અંતર્ગત ડિજિટલ એક્ષ રે વાન વીથ TrueNaat મશીનના મોબાઈલ ટીબી સ્ક્રિનિંગ યુનિટ વાનને જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનીષ ગુરવાનીની ઉપ સ્થિતિમાં કલેકટર કચેરી ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.





રાજયમાં વલસાડ અને બનાસકાંઠા જિલ્લામાં આ મોબાઈલ વાનથી ટી. બી. ના રોગનું સ્ક્રીનીંગ શરૂ કરવામાં આવ્યું છે. જેનો હેતુ આ બંન્ને જિલ્લામાં ૨૨,૦૦૦ થી વધુ લોકોને સ્ક્રીનીંગ કરવાનો છે. ટ્યુબરક્યુલોસિસ (ટીબી) સામે લડવાના મહત્વપૂર્ણ પગલામાં, ઈમેજિંગ અને ડાયગ્નોસ્ટિક ટેક્નોલોજીમાં વૈશ્વિક અગ્રણી ફુજીફિલ્મ ઈન્ડિયાએ તેની કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) પહેલના ભાગરૂપે એક ગ્રાઉન્ડબ્રેકિંગ મોબાઈલ ટીબી સ્કીનિંગ યુનિટ શરૂ કર્યુ છે. અત્યાધુનિક ફુજીફિલ્મ એફડીઆર એક્સ-એર હેન્ડહેલ્ડ ઉપકરણોથી સજ્જ મોબાઈલ ટીબી સ્ક્રિનિંગ યુનિટ સમગ્ર વલસાડ અને બનાસકાંઠામાં છાતીના એક્સ-રે કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. ચોક્કસ અને વિગતવાર છાતીના એક્સ-રેને સુનિશ્ચિત કરશે, જે આરોગ્યસંભાળ વ્યાવસાયિકોને વધુ સંવેદનશીલતા સાથે ટીબીના સંભવિત કેસોને શોધવા માટે સક્ષમ બનાવશે.

આ ડિજીટલ એક્ષ રે વાનમાં દર્દીના છાતીના એક્ષ રે ની સાથે ગળફાની તપાસ TrueNaat મશીનમાં થઈ શકશે. જેમાં X- ray Technician, Lab Technician અને એપોલો ટેલી હેલ્થની ટીમ રહેશે. એપોલો હેલ્થની સર્વે ટીમ દ્વારા ટી. બી. ના હાઈ રીસ્ક ગામોમાં ઘરે ઘરે જઈ સર્વે કરવામાં આવશે અને જે શંકાસ્પદ દર્દીઓ મળશે એમની ડિજીટલ X- ray વાનમાં X- ray અને જરૂર જણાય તો TrueNaat મશીનમાં દર્દીના Sputum ની તપાસ કરશે. આ થયેલા X- ray ની એપોલો હેલ્થની ટેલી હેલ્થની consulattion ટીમ દ્વારા રિપોર્ટ કરવામાં આવશે અને નિદાન થયેલા દર્દીઓને સારવાર કરવામાં આવશે. છાતીના એક્સ-રે ઉપરાંત, જિલ્લાના ગામડાઓમાં ન્યુક્લીક એસિડ એમ્પ્લીફિકેશન ટેસ્ટિંગ (NAAT)નો સમાવેશ કરશે. NAAT પરીક્ષણ એ એક અત્યાધુનિક મોલેક્યુલર ડાયગ્નોસ્ટિક ટેકનિક છે જે ટીબીની તપાસની ચોકસાઈને વધારે છે. NAAT પરીક્ષણ સાથે છાતીના એક્સ-રેને સંયોજિત કરીને, મોબાઈલ ટીબી સ્કિનિંગ યુનિટનો હેતુ પ્રારંભિક તબક્કે ટીબીના કેસોને ઓળખવા અને તેનું નિદાન કરવા માટે વ્યાપક અભિગમ પ્રદાન કરવાનો છે. અમલીકરણ ભાગીદાર એપોલો ટેલિમેડિસીન નેટવર્કિંગ ફાઉન્ડેશન (ATNF) પ્રોગ્રામના અમલીકરણની દેખરેખ રાખશે, યુનિયન, કોર્પોરેટ ટીબી પ્લેજ, USAID અને અન્યો તકનીકી ભાગીદારો આ પહેલની સફળતાની ખાતરી કરવા માટે તેમની કુશળતાનું યોગદાન આપશે.

આ કાર્યક્રમમાં વલસાડના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. કે. પી પટેલ, જિલ્લા ક્ષય અધિકારી ડૉ. હરજીતપાલ સિંઘ અને જિલ્લાના કોર્પોરેટ ક્ષેત્રના વિવિધ ઈન્ડ્રસ્ટ્રીઝના પ્રતિનિધિ, ફુજી ફિલ્મ ઈન્ડિયાની ટીમ, એપોલો હેલ્થની ટીમ હાજર રહી હતી.



ઓડિશાના સંબલપુરમાં બ્રહ્મા કુમારીઓના શિક્ષણ અભિયાન ન્યૂ એજ્યુકેશન ફોર ન્યુ ઈન્ડિયાના પ્રારંભ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઓડિશાના રાજ્યપાલ રઘુબર દાસ અને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પણ જોવા મળ્યા હતાં.

### ટીમ ઈન્ડિયાના પૂર્વ ઓપનર લખનઉની ટીમ સાથે હતા

# ગૌતમ ગંભીર મેન્ટોર તરીકે ફરી એકવાર કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે જોડાયા

### કેકેઆરના સીઈઓએ જાહેરાત કરી કે ગૌતમ ગંભીર મેન્ટોર તરીકે હેડ કોચ ચંદ્રકાંત પંડિત સાથે કામ કરશે

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતીય ટીમના પૂર્વ ઓપનિંગ બેટ્સમેન ગૌતમ ગંભીર આઈપીએલ ૨૦૨૩માં લખનઉ સુપર જાયન્ટ્સ સાથે મેન્ટોર તરીકે જોડાયા હતા. પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે તે તેની જૂની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે જોડાઈ ગયા છે. ગંભીરે લખનઉની ટીમના મેન્ટોર પદને છોડી દીધું છે. હવે કોલકાતા નાઈટ રાઈડર્સના મેંટોર તરીકે કોલકાતાની ટીમ સાથે જોડાયો છે. આઈપીએલ ૨૦૨૩ સમાપ્ત થયા બાદ ગૌતમ ગંભીરે શાહરૂખ ખાન સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું કે ગંભીર તે ટીમ સાથે જોડાઈ શકે છે જે ટીમને ગંભીરે પોતાની કેપ્ટનશીપ હેઠળ આઈપીએલ ચેમ્પિયન બનાવી હતી. કેકેઆરના સીઈઓ વેંકી મૈસૂરે આજે જાહેરાત કરી કે પૂર્વ ભારતીય ઓપનર ગૌતમ ગંભીર કેકેઆરમાં મેંટોર તરીકે પરત ફરશે અને હેડ કોચ ચંદ્રકાંત



પંડિત સાથે મળીને કામ કરશે. લખનઉ સુપર જાયન્ટ્સના મેંટોરનું પદ છોડ્યા બાદ ગૌતમ ગંભીરે સોશ્યલ મીડિયા પર એક ઈમોશનલ પોસ્ટ કરી છે. આ મેસેજમાં તે લખનઉના મેંટોર પદ છોડતા ખુબ જ ભાવુક થઈ ગયો હતો. તેણે એક્સ પર લખ્યું, લખનઉ સુપર જાયન્ટ્સ સાથેની મારી સફર સમાપ્ત થઈ ગઈ છે. મને લખનઉના ખેલાડીઓ, કોચ, સપોર્ટ સ્ટાફ અને ટીમ સાથે સંકળાયેલા દરેકનો સાથ મળ્યો. હું ડો. સંજીવ ગોએન્કા (લખનઉ ટીમના માલિક)નો આભાર માનું છું.

## ન્યૂઝ બ્રિફ

### ઈશારો કરીશ તો તમારે ભાગી જવું પડશે : ઓવૈસી



। હૈદ્રાબાદ, તા.૨૨ ।

ઓલ ઈન્ડિયા મજલિસ એ ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) ના ફાયરબ્રાન્ડ નેતા અકબરુદ્દીન ઓવૈસી ફરી એકવાર ચર્ચામાં છે. આ વખતે તેમણે ભીડની વચ્ચે સ્ટેજ પરથી જ એક પોલીસ ઈન્સપેક્ટરને ધમકાવ્યા હતા. પોલીસ અધિકારીએ ફક્ત એટલી જ ભૂલ કરી હતી કે તેમણે ઈશારો કરીને અકબરુદ્દીનને કહ્યું કે ભાષણ આપવાનો સમય ખતમ થઈ રહ્યો છે. તેના પર હૈદરાબાદના સાંસદ ઓવૈસીના ભાઈ અકબરુદ્દીન ઓવૈસી બગડ્યાં હતા અને તેમણે ધમકાવવાનું શરૂ કરી દીધું. ખરેખર તો અકબરુદ્દીન ઓવૈસીએ એક પોલીસ ઈન્સપેક્ટરને જાહેરમાં ધમકી આપી. પોલીસ ઈન્સપેક્ટરે ઓવૈસીને રાજ્યમાં લાગુ આદર્શ આચાર સંહિતાનું પાલન કરવા કહ્યું હતું. પોલીસ અધિકારીએ કહ્યું કે તેમણે પોતાનું ભાષણ અટકાવવું જોઈએ કેમ કે આદર્શ આચાર સંહિતા હેઠળ નક્કી કરાયેલી સમયમર્યાદા તે વટાવી ગયા છે. તેના પર હૈદરાબાદમાં સભાને સંબોધતા ઓવૈસીએ પોલીસ અધિકારીને વેન્યૂથી જતાં રહેવા કહી દીધું હતું. અહેવાલ અનુસાર અકબરુદ્દીન ઓવૈસીએ પોલીસ ઈન્સપેક્ટરને કહ્યું કે જો હું મારા સમર્થકોને ઈશારો કરી દઈશ તો તેમણે અહીંથી ભાગી જવું પડશે. ઓવૈસીએ કહ્યું કે તમને શું લાગે છે કે ચાકુ અને ગોળીઓ ખાતા બાદ હું નબળો થઈ ગયો છું.

### દિગ્વિજય સિંહે પનોતી પર ટ્વિટ કરીને ભાજપ ઉપર કટાક્ષ કર્યો



। જયપુર, તા.૨૨ ।

રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે અને રાજકીય પક્ષોના ટોચના નેતાઓ દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે ત્યારે હવે એક શબ્દની ખુબ જ ચર્ચા થઈ રહી છે અને તે ‘પનોતી’ છે. હવે દિગ્વિજય સિંહે ‘પનોતી’ કોને કહેવાય એ સમજાવતા ટ્વિટ કરીને ભાજપ પર કટાક્ષ કર્યો છે. રાજસ્થાનમાં ગઈકાલે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ એક રેલીમાં વિવાદસ્પદ નિવેદન કરતા ‘પનોતી’ શબ્દનો ઉપયોગ કર્યો હતો જેના પર રાજકારણ શરુ થઈ ગયું છે અને ભાજપે રાહુલ ગાંધીને આ શબ્દનો ઉપયોગ કરવા બદલ ઘેરી લઈને માફીની માંગણી કરી છે ત્યારે હવે આ અંગે પૂર્વ સીએમ અને રાજ્યસભાના સભ્ય દિગ્વિજય સિંહ પણ આ વિવાદમાં કુદી પડ્યા છે. દિગ્વિજય સિંહે ‘પનોતી’ કોને કહેવાય એ સમજાવતા ટ્વિટ કરીને ભાજપ પર કટાક્ષ કર્યો છે. દિગ્વિજય સિંહે ટ્વિટમાં કટાક્ષ કરતા લખ્યું હતું કે, ‘પનોતી’નો અર્થ શું છે?

### શેરબજારના કારોબારમાં ભારે ઉતાર-ચઢાવ

# સેન્સેક્સમાં ૧૦૩, નિફ્ટીમાં ૨૯ પોઈન્ટનો ઊછાળો જોવા મળ્યો

। મુંબઈ, તા.૨૨ ।

ક્લોઝિંગ બેલ ટુડે-બુધવારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૯.૪૦ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯૮૧૨ના સ્તરે બંધ થયો હતો, જ્યારે મુંબઈ સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ ૧૦૩ પોઈન્ટના ઉછાળા સાથે ૬૬૦૩૩.૬૭ના સ્તરે બંધ થયો હતો. બુધવારે દિવસભર શેરબજારમાં કારોબારમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. બુધવારે, બીપીસીએ, સિપ્લા, એનટીપીસી અને પાવર ગ્રીડના શેર શેરબજારમાં ટોપ ગેઈનર્સમાં હતા, જ્યારે ઈન્ડસઈન્ડ બેંક, હિન્દાલ્કો, કોટક બેંક અને અદાણી પોર્ટ્સના શેર્સ ટોપ લોઝર્સમાં હતા. નિફ્ટી મિડકેપ ૧૦૦ મામૂલી વધારા સાથે બંધ થયો જ્યારે બીએસઈ સ્મોલ કેપ મામૂલી નબળાઈ સાથે બંધ થયો. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૨ ટકાનો વધારો



નોંધાયો હતો જ્યારે નિફ્ટી બેંક ૦.૫૨ ટકાની નબળાઈ સાથે બંધ થયો હતો. બુધવારના ટ્રેડિંગમાં ગૌતમ અદાણી ગ્રુપની તમામ ૯ લિસ્ટેડ કંપનીઓના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. અદાણી એન્ટરપ્રાઈઝ એક ટકાની નબળાઈએ બંધ રહ્યો હતો જ્યારે અદાણી વિલ્મર લિમિટેડના શેરમાં બે ટકાની નબળાઈ નોંધાઈ હતી. શેરબજારમાં મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો માત્ર ઓમ ઈન્ફ્રાના શેરમાં બે ટકાનો વધારો નોંધાયો હતો જ્યારે જિયો ફાઈનાન્શિયલ, ટાટા મોટર્સ, કામધેનુ લિમિટેડ, ગતિ લિમિટેડ, યુનિ પાર્ટ્સ ઈન્ડિયા, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, દેવયાની નબળાઈ હતી. ઈન્ટરનેશનલ, સ્ટોવ ક્રાફ્ટ અને પટેલ એન્જીનીયરીંગના શેરમાં નોંધાયેલ. બુધવારે શેરબજારના આઈટી પેકમાં ઉછાળો જોવા મળ્યો હતો અને ઈન્ફોસિસના શેર ૧.૩૧ ટકાના વધારા સાથે બંધ થયા હતા. બુધવારે એક્સિસ બેંક, મુથૂટ ફાઈનાન્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને બજાજ ફાઈનાન્સના શેરમાં પણ થોડો વધારો નોંધાયો હતો, જ્યારે આઈસીઆઈસીઆઈ બેંક, મારુતિ સુઝુકી, એચડીએફસી બેંક,એસબીઆઈ કાર્ડ, ફેડરલ બેંક, આઈઆરસીટીસી, પતંજલિ ફૂડ્સ અને આશાનિષા ઈન્ડસ્ટ્રીઝના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. થઈ ગયુ છે.

બુધવારે સેન્સેક્સ અને નિફ્ટીએ દિવસના કારોબારમાં સારો ઉછાળો નોંધાવ્યો હતો, પરંતુ કારોબારના અંત સુધીમાં સેન્સેક્સ અને નિફ્ટીએ તેમનો તમામ ફાયદો ગુમાવી દીધો છે. PSU બેંક ઈન્ડેક્સ શેરબજારમાં સૌથી નબળા દેખાવ કરનારા સૂચકાંકોમાંનો એક હતો.

### આજથી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટી૨૦ની પ્રથમ મેચ શરુ

# ટી૨૦માં સૌથી ઝડપી ૨૦૦૦ રનના રેકોર્ડની સુર્યાકુમારને તક

### ઓસ્ટ્રેલિયા સામે આગામી ટી૨૦આઈ સિરીઝમાં સાથે ટી૨૦આઈ વર્લ્ડ કપ૨૦૨૪ની તૈયારી પણ શરુ કરશે



। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આવતીકાલથી ૫ મેચની ટી૨૦ આઈ સિરીઝ શરુ થવાની છે. આ સિરીઝ માટે ભારતીય ટીમની કેપ્ટનશીપ સૂર્યકુમાર યાદવને સોંપવામાં આવી છે. ઓસ્ટ્રેલિયા સામે આગામી ટી૨૦આઈ સિરીઝમાં સાથે ટી૨૦આઈ વર્લ્ડ કપ૨૦૨૪ની તૈયારી પણ શરુ કરશે. આ ટી૨૦આઈ સિરીઝ દરમિયાન સૂર્યા પાસે બાબર આઝમના વર્લ્ડ રેકોર્ડની બરોબરી કરવાનો મોકો હશે. સૂર્યાએ ટી૨૦આઈની ૫૦ ઈનિંગમાં ૧૮૪૧ રન બનાવ્યા છે. જો તે આ ટી૨૦ સિરીઝ દરમિયાન પ્રથમ ૨ મેચમાં ૧૫૯ રન બનાવવામાં સફળ થાય છે તો તે બાબર આઝમના એક ખાસ રેકોર્ડની બરોબરી કરી લેશે. બાબર આઝમના નામે ટી૨૦આઈમાં સૌથી ઝડપી ૨૦૦૦ રન બનાવવાનો રેકોર્ડ છે. તેણે ૫૨ ઈનિંગમાં ૨૦૦૦ રન પૂરા કર્યા છે. જો સૂર્યાએ ઓસ્ટ્રેલિયા સામે પ્રથમ ૨ મેચમાં ૧૫૯ રન બનાવી લીધા તો તે બાબર આઝમના આ રેકોર્ડની બરોબરી લેશે. ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ટી૨૦આઈની ૫૬ ઈનિંગમાં ૨૦૦૦ રન પૂરા કર્યા હતા. આવી સ્થિતિમાં આ સિરીઝ દરમિયાન સૂર્યા પાસે વિરાટ કોહલીના આ રેકોર્ડને તોડવાની તક હશે. ભારત ઓસ્ટ્રેલિયા સામે તેની પ્રથમ ટી૨૦આઈ મેચ આવતીકાલે વિશાખાપટ્ટનમમાં રમશે. આ મેચ સાંજે ૭:૦૦ વાગ્યે શરુ થશે.

### દ. આફ્રિકાએ બ્રિક્સ દેશોની વર્ચ્યુલ મિટિંગ બોલાવી

# તમામ દેશો ઈઝરાયેલને હથિયાર આપવાનું બંધ કરે : પ્રિન્સ સલમાન

। રિયાધ, તા.૨૨ ।

દક્ષિણ આફ્રિકાએ બોલાવેલી બ્રિક્સ દેશોની એક વર્ચ્યુલ મિટિંગમાં સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મહોમ્મદ બિન સલમાને ઈઝરાયેલની આકરી ઝાટકણી કાઢી હતી. આ બેઠકમાં પ્રિન્સ મહોમ્મદ બિન સલમાને અમેરિકા પર નિશાન સાધતા કહ્યુ હતુ કે, દુનિયાના તમામ દેશોએ ઈઝરાયેલને હથિયારો આપવાનુ બંધ કરવુ જોઈએ. સાથે સાથે ૧૯૬૭ની સીમાઓના આધારે પેલેસ્ટાઈનની સ્થાપના થવી જોઈએ. સ્થાયી શાંત માટે આ બહુ જરુરી છે. બે દેશો સાથે સંકળાયેલા આંતરરાષ્ટ્રિય નિર્ણયો લાગુ કર્યા વગર આ વિસ્તારમાં શાંતિ અને સુરક્ષાની સ્થાપના કરવી મુશ્કેલ છે. તેમણે કહ્યુ હતુ કે, ગાઝામાં થઈ રહેલા વોર ક્રાઈમને દુનિયાના તમામ દેશોએ મળીને રોકવા જોઈએ તેમજ ગાઝા પટ્ટીમાંથી પેલેસ્ટાઈનના લોકોને



વિસ્થાપિત કરવાની કાર્યવાહી બંધ થવી જોઈએ.

પ્રિન્સ મહોમ્મદ બિન સલમાને માનવાધિકારોના મુદ્દે પણ બેવડા માપ દંડો અપનાવવામાં આવી રહ્યા હોવાનો ઈશારો કરીને કહ્યુ હતુ કે, પેલેસ્ટાઈનના નાગરિકો પર અત્યારે ઈઝરાયેલ દ્વારા થઈ રહેલા અત્યાચારો પર દુનિયા ચૂપ્પી સાધીને બેઠી છે. આપણે એક મોટી માનવીય ત્રાસદીનો સામનો કરી રહ્યા છે. જેનાથી સાબિત થયુ છે કે, યુએન અને દુનિયા ઈઝરાયેલના મામલે નિષ્ફળ ગઈ છે.

### આઈઆઈટી રોપરને તાજેતરમાં એક મોટી સફળતા

# પંજાબમાં સતુલજ નદીની રેતમાં દુર્લભ ધાતુ ટેન્ટલમ મળી આવી

। ચંદિગઢ, તા.૨૨ ।

ઈન્ડિયન ઈન્ડસ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) રોપરને તાજેતરમાં એક મોટી સફળતા મળી. માહિતી અનુસાર આઈઆઈટી સાથે સંકળાયેલા રિસર્ચરોને પંજાબમાં સતુલજ નદીની રેતમાં અત્યંત દુર્લભ ધાતુ ટેન્ટલમ મળી આવી છે. એવી શક્યતા છે કે આ શોધ બાદ ભારતને ઈલેક્ટ્રોનિક ક્ષેત્રમાં મોટો ફાયદો થશે. પ્રથમ વખત તેની શોધ ૨૨૧ વર્ષ પહેલા સ્વીડનમાં થઈ હતી. ટેન્ટલમ અત્યંત દુર્લભ મનાય છે. આજના દોરમાં વપરાતી સૌથી વધુ કાટવિરોધી ધાતુઓ પૈકી એક છે. તે ગ્રે કલરની હોય છે. ખાસ વાત એ છે કે ટેન્ટેલમ શુદ્ધ હોય ત્યારે તે અત્યંત ફલેક્સિબલ હોય છે જેને રબરની જેમ ખેંચી કે પાતળું કરી તાર કે દોરાની જેમ પણ બનાવી શકાય છે. તેનું મેલ્ટિંગ પોઈન્ટ પણ



વધારે હોય છે. આ મામલે ટેન્ટલમથી આગળ ફક્ત ટંગસ્ટન અને રીનિયમ જ હોય છે. આ ધાતુનો સૌથી વધુ ઉપયોગ ઈલેક્ટ્રોનિક સેક્ટરમાં થાય છે. ટેન્ટલમથી તૈયાર થયેલા કેપેસિટર્સમાં નાના આકારમાં પણ મોટાપાયે વીજળી સ્ટોર કરવાની ક્ષમતા હોય છે. તેના લીધે તેને સ્માર્ટફોન, લેપટોપ અને ડિજિટલ કેમેરા જેવા ડિવાઈસમાં ઉપયોગમાં લેવા આદર્શ મનાય છે. આ ધાતુનું નામ પૌરાણિક ગ્રીક મિથકના ચર્ચિત નામ ટેન્ટેલસના નામે રખાયું છે.



નવી દિલ્હીમાં ચહેરા પર માસ્ક પહેરેલી મહિલાઓ ધુમ્મસ વચ્ચે વહેલી સવારે પાર્કમાં ચાલવા નીકળ્યા હતાં.

### મુસ્લિમો પર અત્યાચાર માટે ચીનને લઈને નવો ખુલાસો

# ચીનમાં ૨૦૨૦ બાદ લગભગ ૧૩૦૦ મસ્જિદો બંધ કરી દેવાઈ

। બિજિંગ, તા.૨૨ ।

મુસ્લિમો પર અત્યાચાર માટે કુખ્યાત બનેલા ચીનને લઈને એક નવો ખુલાસો થયો છે. હ્યૂમન રાઈટ્સ વોચના એક અહેવાલ અનુસાર ચીનના નિંગ્જિયા તેમજ ગાંસુ વિસ્તારમાં ચીનના અધિકારીઓએ મસ્જિદો બંધ કરાવવા માંડી છે. સંસ્થાના કાર્યકર્તાઓએ બે ગામોની સ્થિતિ જાણવા માટે સેટલાઈટ ઈમેજિસનો અભ્યાસ કર્યો હતો અને તેમાં જાણવા મળ્યુ હતુ કે, આ બંને ગામોમાં ૨૦૧૯ થી ૨૦૨૧ વચ્ચે તમામ સાત મસ્જિદોના ગુંબજો તેમજ મીનારાઓને હટાવી દેવાયા હતા અને ત્રણ



ઈમારતો તો તોડી પડાઈ હતી. માન્ચેસ્ટર યુનિવર્સિટીના ડેવિડ સ્ટ્રેપ તેમજ પ્લાયમાઉથ યુનિવર્સિટીના અધ્યાપક હન્ના થેકરે ઉપરોક્ત અભ્યાસ કર્યો હતો. તેમનુ અનુમાન છે કે, નિંગ્જિયામાં લગભગ ૧૩૦૦ મસ્જિદો ૨૦૨૦ બાદ બંધ કરી દેવાઈ છે. આ આંકડામાં એ મસ્જિદો સામેલ નથી કે જેને તોડવામાં આવી છે અથવા તો તેમાં ફેરફાર કરવાની ફરજ પાડવામાં આવી છે.

## તંત્રી લેખ...

# બેંકોની સાઈબર સુરક્ષા પ્રત્યે સતર્કતા રાખવી પડશે

નાણાં મંત્રાલયે દેશની તમામ સરકારી બેંકોને પોતાની સાઈબર સુરક્ષાની સમીક્ષા કરવા અને તેને મજબૂત બનાવવાની જે સલાહ આપી, એના પર અમલ પણ સુનિશ્ચિત કરવો જોઈએ. આ એટલા માટે જરૂરી છે, કારણ કે બેંકોની સાઈબર સુરક્ષામાં એટેક થતા જ રહે છે. ગયા અઠવાડિયે જ જાહેર ક્ષેત્રની યુકો બેંકમાં તાત્કાલિક ચૂકવણી સેવાના માધ્યમથી કેટલાક લોકોના ખાતામાં ખોટી રીતે ૮૨૦ કરોડ રૂપિયા જમા થઈ ગયા હતા. એ ઠીક છે કે તેમાંથી ૬૪૯ કરોડ રૂપિયાની વસૂલી થઈ, પરંતુ બેંક હજુ સુધી એ સ્પષ્ટ ન કરી શકી કે આ ટેકનિકલ ખામી માનવીય ત્રુટિને કારણે થઈ કે હેકિંગને કારણે. આ કોઈ પહેલી ઘટના નથી કે કોઈ બેંકની સાઈબર સુરક્ષામાં હુમલો થયો હોય. કેટલાક વર્ષ પહેલાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની સાઈબર સુરક્ષા પર હુમલો થયો હતો. એ હુમલો એટલા માટે થયો હતો, કારણ કે બેંકના અધિકારી એક ફિશિંગ ઈમેલની ચુંગાલમાં ફસાઈ ગયા હતા. વાસ્તવમાં માત્ર જાહેર ક્ષેત્રની બેંકોને જ પોતાની સાઈબર સુરક્ષા મજબૂત કરવાની જરૂર નથી, આ જરૂર તો ખાનગી ક્ષેત્રની બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓએ પણ કરવી જોઈએ. તે ઉપરાંત અન્ય જે પણ મહત્ત્વપૂર્ણ સરકારી અથવા બિનસરકારી સંસ્થાઓ છે, તેમને પણ સાઈબર સુરક્ષા પ્રત્યે સતર્કતા રાખવી પડશે. એની અવગણના ન કરી શકાય કે ગયા વર્ષે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા એટલે કે એમ્સની સાઈબર સુરક્ષામાં હુમલો થયો હતો. તેને કારણે કેટલાય દિવસો સુધી દેશની આ સૈથી મોટી અને પ્રતિષ્ઠિત હોસ્પિટલનું કામકાજ ભારે પ્રભાવિત રહ્યું હતું. થોડા સમય પહેલાં ઈસરોના પ્રમુખે પણ એવી માહિતી આપી હતી કે તેમની સંસ્થાએ પ્રતિદિન ઓછામાં ઓછા સો સાઈબર હુમલાનો સામનો કરવો પડે છે. સાઈબર હુમલા પર નજર રાખનારી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા જારી રિપોર્ટો દર્શાવે છે કે દુનિયાભરમાં સાઈબર હુમલા ઝડપથી વધી રહ્યા છે અને આ હુમલાના દાયરામાં ભારતની પણ વિભિન્ન સંસ્થાઓ છે. વધતા સાઈબર હુમલાથી બચવા માટે દેશના તમામ સંસ્થાઓ જરૂરી ઉપાય કરીએ, તેના માટે સરકારે માત્ર સૂચન આપવા સુધી જ સીમિત ન રહેવી જોઈએ. તેને સરકારી અને ખાનગી ક્ષેત્રની સંસ્થાઓએ એ રીતભાતોથી પરિચિત કરાવવા જોઈએ જેનાથી સાઈબર હુમલા રોકી શકાય. સાઈબર હુમલા માત્ર ધનની હેરાફેરી માટે નથી થતા, પરંતુ મહત્ત્વપૂર્ણ માહિતી અને લોકોની અંગત માહિતીઓ સેરવી લેવા માટે પણ થાય છે. હાલનાં વર્ષોમાં સાઈબર છેતરપિંડી જેટલો મોટો પડકાર બનીને સામે આવ્યો છે, તેને જોતાં એ પણ જરૂરી છે કે આમ જનતા પણ પોતાના સ્તર પર તેના ખતરાઓ પ્રત્યે જાગૃત થાય અને એ સમજે કે તેની અપરિપક્વતા પણ તેના અપરાધીઓનું દુસ્સાહસ વધારી રહી છે. પોલીસે માહિતી આપી છે કે તપાસ દરમિયાન નાઈજિરિયન નાગરિકો સહિત ઘણા ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે. હૈદરાબાદ પોલીસે જણાવ્યું હતું કે તપાસમાં સાયબર સુરક્ષા પગલાં જેમ કે ફિશિંગ વિરોધી એપ્લિકેશનો, ઘરફોડ ચોરી અટકાવવા, ઓળખ પ્રણાલીઓ અને રીઅલ-ટાઇમ થ્રેટ પ્રોટેક્શન અને મેનેજમેન્ટ સિસ્ટમ્સનો આરબીઆઈ દ્વારા ફરજિયાત અમલ કરવામાં આવ્યુ હોવા છતાં બેંકની બેદરકારી પણ બહાર આવી છે. હૈદરાબાદના પોલીસ કમિશનર સીવી આનંદે આરબીઆઈના ગવર્નરને પત્ર લખ્યો હતો, જેમાં ગંભીર ક્ષતિઓને હાઈલાઈટ કરીને સસ્પેન્શનની વિનંતી કરી હતી. હૈદરાબાદ સિટી પોલીસે આ કેસનો પીછો કર્યો, જેના કારણે આરબીઆઈએ એપી મહેશ સહકારી બેંક પર ૬૫ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો.

# ભારતના સ્ટાર્ટઅપ્સની અભૂતપૂર્વ વૃદ્ધિ થઈ

ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે કોઈ પણ રાષ્ટ્રનું ગૌરવ ત્યારે જ જીવંત રહે છે જ્યારે તે આવનારી પેઢીને પોતાની સ્વાભિમાન અને બલિદાનની પરંપરાઓ શીખવે છે, તેનું જતન કરે છે અને સતત પ્રેરણા આપે છે. કોઈ પણ રાષ્ટ્રનું ભવિષ્ય ત્યારે જ ઉજ્જ્વળ હોય છે જ્યારે તે તેના ભૂતકાળના અનુભવો અને તેના વારસા પર ગર્વ સાથે જોડાયેલ રહે છે. ભારત પાસે ગર્વ કરવા માટે પુષ્કળ ભંડાર છે - સમૃદ્ધ ઈતિહાસ, સભાન સાંસ્કૃતિક વારસો. આપણે ભારતમાં થઈ રહેલા મોટા ફેરફારો, ઈનોવેશન્સ અને વિકાસના ત્રિભેટે ઊભા છીએ. પ્રાચીન કાળમાં વિશ્વનું શિક્ષણ હબ બનવાથી લઈને આજે વિશ્વનું આઈટી હબ બનવા સુધી, ભારતીય લેન્ડસ્કેપ ઘણો આગળ વધી ગયો છે. ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ને સંદર્ભની ફ્રેમ તરીકે લઈએ તો જાણવા મળે કે વિજ્ઞાન અને તકનીકી, અર્થતંત્ર અને માનવ વિકાસ જેવા ઘણાં ક્ષેત્રો છે જ્યાં ભારતે નોંધપાત્ર પ્રગતિ દર્શાવી છે. જોકે, આરોગ્ય અને શિક્ષણ જેવાં કેટલાંક ક્ષેત્રો પર હજુ પણ ધ્યાન આપવામાં આવ્યું નથી. અંગ્રેજોએ ભારત છોડયું ત્યારે તેઓ પાછળ એક તૂટેલા, જરૂરિયાતમંદ, અવિકસિત અને આર્થિક રીતે અસ્થિર દેશ છોડી ગયા હતા. આઝાદી પછી, ભારતે તેની પ્રથમ પંચવર્ષીય યોજનામાં વૈજ્ઞાનિક સંશોધનને પ્રાથમિકતા આપી. આનાર્થીં્ અનૈંજીષ્ઠ જેવી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ માટે માર્ગ મોકળો થયો. આઝાદીના માત્ર ત્રણ વર્ષ બાદ ૧૯૫૦માં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીની સ્થાપના થઈ હતી. આ સંસ્થાઓએ વિદેશી સંસ્થાઓની મદદથી ભારતમાં સંશોધનને પ્રોત્સાહન આપ્યું. ૧૯૭૫માં પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટ લોન્ચ કરવાથી માંડીને મંગળની ભ્રમણકક્ષામાં પહોંચનાર પ્રથમ દેશ બનવા સુધી, ભારતે અવકાશ સંશોધન ટેક્નોલોજીના ક્ષેત્રમાં આત્મવિશ્વાસપૂર્વક પગલાં લીધાં છે, ભારતીય અવકાશ સંશોધન સંસ્થાનો આભાર. આપણે ગર્વથી કહી શકીએ કે ભારત યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીન જેવા દેશોની સમકક્ષ છે, બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં પણ આ જ સ્થિતિ છે. ભારત સમગ્ર વિશ્વ માટે કોરોના વેક્સિનનું ઉત્પાદન કરી રહ્યું હતું. ૯.૩૬ બિલિયનના ટ્રાન્ઝેક્શન સાથૈંની સફળતા પણ વિશ્વ માટે એક કેસ સ્ટડી છે. ઈ. સ. ૧૯૪૭માં જ્યારે ભારતે તેની આઝાદીની ઘોષણા કરી ત્યારે તેની જીડીપી માત્ર રૂ. ૨.૭ લાખ કરોડ હતી, જે વિશ્વના જીડીપીના ૩% હતી. હરિયાળી ક્રાંતિની શરૂઆત ભારતમાં ૧૯૬૫માં હરિત ક્રાંતિના પિતા એમ.એસ. સ્વામીનાથને કરી હતી. હરિયાળી ક્રાંતિ દરમિયાન, ઘઉં અને ચોખાની ઊંચી જાતો સાથે વાવેતર કરાયેલા પાક વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો હતો. ૧૯૭૮-૧૯૭૯ સુધીમાં, હરિયાળી ક્રાંતિને કારણે ૧૩૧ મિલિયન ટન અનાજનું વિક્રમી ઉત્પાદન થયું. ત્યારે ભારત વિશ્વના ટોચના કૃષિ ઉત્પાદકોમાંના એક તરીકે ઓળખાતું હતું. આજે ભારત ૧૪૭ લાખ કરોડ રૂપિયાના જીડીપી સાથે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે, જે વૈશ્વિક જીડીપીના ૮% છે.

# પ્રબોધિની એકાદશી એવો બોધ આપે છે કે પતિવ્રતા સ્ત્રીનાં વ્રતનો ભંગ કરનાર જો ઈશ્વર હોય તો એ પણ દંડિત થાય છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.આપણી દિવાળી પૂરી થઈ અને હવે દેવની શરૂ થઈ. ચક્ર ઉંધુ ફર્યું એમ લાગે પણ ભગવાન પહેલા ભક્ત ને ખુશી આપે અને પછી પોતે થાય. આજે હિન્દુ પંચાંગ પ્રમાણે કારતક સુદ અગિયારસ ને ગુરૂવાર છે. આ અગિયારસને પ્રબોધિની અગિયારસ અથવા તો દેવ ઉઠી અગિયારસ પણ કહેવામાં આવે છે. અષાઢ મહિનાની અગિયારસ એ દેવને પોઢાડવામાં આવે છે, અને કારતક માસની આ અગિયારસ એ ઉઠાડવામાં આવે છે, અને ઘણાં ચાતુર્માસની અગિયારસના વ્રતનો પણ ઘણાં સંકલ્પ કરે છે. આજે દેવ એટલે ભગવાન વિષ્ણુના લગ્નનો દિવસ પણ છે, અથવા તો દેવની દિવાળી ની શરૂઆત થઈ. આપણી દિવાળીની જેમ આ દિવાળી પણ અગિયારસથી પૂનમ સુધી ઉજવવામાં આવે છે. હિન્દુ પંચાંગ પ્રમાણે આજથી લગ્નની મોસમ પણ શરૂ થશે. પહેલા ભગવાનના લગ્ન થાય, પછી જ આપણા લગ્ન થાય એવી પ્રથા આ સાથે જોડાયેલી છે.ઉપરાંત આ દિવસને તુલસી વિવાહ તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ દરેક હિંદુઓના ઘરમાં તુલસીનો ક્યારો કે કૂંડું જોવા મળે છે, તુલસી લક્ષ્મીનું સ્વરૂપ છે.જેને કોઈ ને દીકરી ન હોય તે તુલસી વિવાહ કરી, કન્યાદાનનું પુણ્ય મેળવે છે. સમાજના બે પ્રતિષ્ઠિત મોભી એક વિષ્ણુ એટલે કે શાલીગ્રામ ના પિતા બને છે, અને એક તુલસીના પિતા બની, આ કાર્ય જાહેર જગ્યામાં ઉજવણી રૂપે કરવામાં આવે છે. તુલસી વિવાહ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે તો આપણે આજે ચિંતનમાં એ વિશે વાત કરીશું. પૌરાણિક સમયમાં રાક્ષસ કુળમાં વૃંદા નામની એક કન્યાનો જન્મ થાય છે, જે રાક્ષસ કુળમાં જન્મી હોવા છતાં વિષ્ણુની પરમ ભક્ત હોય છે, અને દિવસ-રાત વિષ્ણુ ની પૂજા કરવી એ તેનો રોજીંદો નિયમ હતો.મોટી થતાં આ કન્યાના લગ્ન રાક્ષસ કુળના જ જલંધર નામના એક રાજા સાથે થાય છે. જલંધર બધી જ રીતે બહાદુર હતો, અને તે એક બાહોશ યોદ્ધા પણ હતો. તે સમયગાળા દરમિયાન દેવ-દાનવ વચ્ચે યુદ્ધ થયું, અને જલંધર તે યુદ્ધમાં લડવા માટે નીકળે છે, ત્યારે તેની પતિવ્રતા પત્ની વૃંદા પતિને જણાવે છે, કે આપ યુદ્ધ કરીને પાછા નહીં ફરો ત્યાં સુધી હું અહીં આપના આયુષ્ય માટે મંત્ર અનુષ્ઠાન કરીશ. એ પછી તે યુદ્ધ માટે ચાલી નીકળે છે, અને યુદ્ધમાં દેવતાઓ ને જલંધર નો મુકાબલો કરવો બહુ અઘરો પડે છે.

કોઈ તેને હરાવી શકતું નથી, આથી દેવતાઓ ભગવાન વિષ્ણુ પાસે જાય છે, અને જલંધર ને હરાવવા માટે કોઈ માર્ગ કરવાનું કહે છે. ભગવાન વિષ્ણુ સ્પષ્ટ રીતે ના પાડે છે, કે તેની પત્ની વૃંદા મારી પરમ ભક્ત હોયને, હું તમારી કોઈ મદદ કરીશ નહીં, પરંતુ દાનવો ને હરાવવા માટે એ સિવાય બીજો કોઈ છુટકો ન હોવાથી, અંતે માની જાય છે.ભગવાન વિષ્ણુ પોતે સ્વયં જલંધરનું રૂપ ધરી અને વૃંદા પાસે પહોંચે છે.મંત્ર અનુષ્ઠાનમાં બેઠેલી વૃંદા, પતિને જોઈ અને મંત્ર કરતી ઉભી થઈ તેનો ચરણ સ્પર્શ કરે છે, આ રીતે તેનું અનુષ્ઠાન વચ્ચેથી અધૂરું છૂટતા, અહીં જલંધર નું મૃત્યુ થાય છે, અને તેનું મસ્તક આવીને અહીં પડે છે. વૃંદા પતિના મસ્તક સામે જોવે છે, અને સામે ઉભેલ જલધર રુપે વ્યક્તિને જુએ છે.ત્યારે ભગવાન વિષ્ણુ પોતાના મૂળ સ્વરૂપમાં આવે છે, અને આથી વૃંદાને આખી યોજના સમજાઈ જાય છે. એક પતિવ્રતા સ્ત્રી નું વ્રત ભંગ કરવા માટે ક્રોધિત થઈ તે તાત્કાલિક ભગવાનને શ્રાપ આપે છે, કે તે પથ્થર બની જાય, અને ભગવાન તરત જ પથ્થર બની જાય છે.આ વાતથી દેવતાઓમાં હાહાકાર મચી જાય છે, અને લક્ષ્મીજી વૃંદાને આજીજી કરે છે, તેથી વૃંદા ભગવાનને શ્રાપ મુક્ત કરે છે. આ પથ્થરને આપણે શાલીગ્રામ તરીકે ઓળખીએ છીએ. ભગવાન શંકરાચાર્ય બતાવ્યા મુજબની પંચ દેવપૂજામાં આપણે વિષ્ણુ તરીકે શાલિગ્રામને જ રાખીએ છીએ. સતી વૃંદા તે પછી પતિના મસ્તક ને ખોળામાં રાખી સતી થાય છે, અને એ રાખ માંથી તુલસી નો જન્મ થાય છે. તેથી તે તુલસી સાથે શાલીગ્રામ સ્વરુપે ઈશ્વરના લગ્ન કરવાથી તેને શ્રાપ માંથી મુક્તિ મળે છે.તે દિવસથી ભગવાન નો અંશ આ પથ્થર માં પણ વાસ કરે છે, અને તુલસી પર્ણ વગર તે કોઈ ભોગ ગ્રહણ નહીં કરે તેવું પણ કહે છે. આ અગિયારસ નું નામ પ્રબોધિની એટલા માટે રાખવામાં આવ્યું છે, કે આ અગિયારસ આપણને એક બોધ આપે છે,કે પતિવ્રતા સ્ત્રીનું વ્રત ભંગ કરનાર જો સ્વયં ઈશ્વર હશે, તો તેને પણ શ્રાપ લાગી શકે છે. માટે એવી સ્ત્રી દેવ કુળની હોય, રાક્ષસ કુળની હોય, કે પછી નાગ ગંધર્વ કે માનવ કુળની હોય, પણ તેનો પતિવ્રતા ધર્મ જો અખંડ હશે, તો તેને ઈશ્વર પણ હરાવી નહીં શકે. સતી વૃંદાએ તે વખતે ઈશ્વરને એક બીજો શ્રાપ આપ્યો હતો, કે તમારે પણ પત્ની વિયોગ સહન કરવો પડશે, એટલે વિષ્ણુ ભગવાન રામ તરીકે જન્મ લે છે, અને સીતાના વિયોગનું દુઃખ સહન કરે છે. તો આ થઈ પૌરાણિક વાત કે જેને કારણે આપણે ત્યાં તુલસી વિવાહ થાય છે.

લક્ષ્મીના અવતાર તરીકે કે સતી વૃંદા સ્વરૂપે આપણે ત્યાં તુલસીને દરેક આંગણામાં સ્થાન મળ્યું છે, અને હિન્દૂ સ્ત્રીઓ રોજ તુલસીનું પૂજન કરી, પોતાનું સુખ-સમૃદ્ધિ ટકાવી રાખવા તુલસી રુપે લક્ષ્મી માતાની પૂજા કરે છે. આ ઉપરાંત તુલસી ને એક આયુર્વેદિક ઔષધી પણ બતાવવામાં આવી છે, જે લગભગ દરેક પ્રકારના રોગમાં ઉપયોગી છે.ખાસ કરીને શરદી સળેખમ અને પેટના રોગોમાં તુલસીના પાનનો અર્ક ગ્રહણ કરવો, અથવા તો તુલસીના પાનનો ઉકાળો બનાવીને પીવાથી, ઘણી રાહત રહે છે. તુલસી છોડ રૂપે જ લગભગ જોવા મળે છે. ત્રીસ થી ચાલીસ સેન્ટિમીટર જેટલો ઊંચો તેનો છોડ થાય છે, અને લંબગોળ આકારના તેના પર્ણ હોય છે. સ્વાદમાં જરાક તીખા અને વિશિષ્ટ સુગંધ ધરાવતા આ પર્ણ નું સેવન પણ ઘણા લોકો કરતા હોય છે. તુલસીમાં પણ ઘણા પ્રકાર જોવામાં આવે છે. શ્યામ તુલસી, રામ તુલસી, તિલક તુલસી, તેમજ વન સ્વરૂપે જોવા મળતા ગાઢ તુલસી. અમુક ઊંચાઈ સુધી છોડની વૃદ્ધિ થતાં તેમાં માંજર આવે છે, અને આ માંજર માંથી બીજા તુલસી ના છોડ બંને છે.


વૈષ્ણવના ઘરમાં તુલસી વિવાહ થયા પછી તુલસી મુરજાઈ જાય છે, તેવી એક માન્યતા પણ પ્રચલિત છે, તેથી તેઓ આ માંજર લગ્ન પહેલાથી જ બીજા કુંડામાં વાવી દેતા હોય છે, જેથી કરીને બીજો છોડ તરત થવા લાગે. આ ઉપરાંત ઘણા પ્રાંતોમાં આ લગ્ન અગિયારસથી શરૂ કરી પૂનમ સુધી ઉજવવામાં આવે છે, અને પૂનમના દિવસે ભગવાન શાલીગ્રામ ના તુલસી સાથે સાત ફેરાથી વિધિવત લગ્ન સંપન્ન કરવામાં આવે છે. આપણે સૌ આ દેવની દિવાળી ની ઉજવણી આંતરિક રીતે ગુણ સમૃદ્ધ થઈને ઉજવીએ, દરેકે દરેક સ્ત્રીનું સન્માન કરીએ, અને ભક્તિભાવથી રોજ કોઇને કોઇ રીતે ઈશ્વરનું અનુસંધાન થાય તેવી પૂજાપાઠનો નિયમ લઈએ,આવી એક અનોખી અને અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસમાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# તું જ તારા પર કૃપા કર, તું જ તારો ગુરુ થા અને તું જ તારો ઉદ્ધાર કર, ખરી વાત એ છે કે, આત્મા જ આત્માનો ગુરુ છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



આગામી દિવસોમાં શાળા કોલેજમાં વિવિધ કક્ષાની પરીક્ષાઓ શરૂ થશે. ભગવદ જ્ઞાનમાં કહયું છે કે સારો શિક્ષક બાર મહિનાનું ભણાવેલું પરીક્ષા વખતે છોકરાઓને તાજું કરાવે તેમ ભાગવત કાર એકાદશ સ્કંધમાં આગલા સ્કંધોનું જ્ઞાન તાજું કરાવે છે. શ્રીકૃષ્ણની કથા અનંત છે, લીલાનો પાર નથી. શ્રીકૃષ્ણની કથા ગંગાના પ્રવાહ જેવી છે, પણ ગંગામાં સ્નાન કરવા માટે અમુક જ જગ્યાએ જવું પડે. ગંગા તમે કહો ત્યાં પ્રગટ થાય નહીં, પણ આ શ્રીકૃષ્ણકથા તો ઘર બેઠાં પ્રગટ થાય છે. તમે તેમાં રોજ સ્નાન કરી તનથી, મનથી શુદ્ધ બની શકો છો, જ્યારે ગંગાજીમાં સ્નાન કરવાથી તો કેવળ તનશુદ્ધિ જ થાય છે.દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણ લીલા શ્રવણ કરી મનનો નિરોધ થયો, એટલે હવે એકદાશ સ્કંધમાં મન પ્રભુ સાથે મળી જઈ મુક્તિ થાય છે. દશમ સ્કંધની નિરોધ લીલા,એકદાસ સ્કંધની મુક્તિ લીલા આત્મા તો સદા મુક્ત જ છે, મનને મુક્ત કરવાનું છે. જીવ સમજી જાય કે મને કોઈએ બાંધેલો નથી, પણ અજ્ઞાનથી હું માનું છું કે હું બંધાયેલો છું તો એના માં જ્ઞાનવૈરાગ્ય જાગૃત થશે, વાસના છૂટી જશે અને એ મુક્ત થશે. એકાદશ સ્કંધનો પહેલો અધ્યાય વૈરાગ્યનો છે. વૈરાગ્ય વિના ભક્તિ થતી નથી. વૈરાગ્ય વિચાર કરવાથી આવે છે.મન જ્યારે સુખનું ચિંતન કરે ત્યારે મનને સમજાવવું કે એ ઝેર છે. જ્યારે સંસારના પ્રત્યેક વિષય તરફ વૈરાગ્ય આવે,ત્યારે જાણજો કે ઈશ્વર પ્રત્યે ભક્તિનો ઉદય થયો છે.સત્-અસત્નો વિવેક જાગે તે પછી વૈરાગ્ય ઉત્પન્ન થશે. નિશ્ચય કરો કે,સંસારના સર્વ જડ પદાર્થ દુઃખરૂપ છે.તે અસત્ છે અને ચેતન પરમાત્મા આનંદરૂપ છે. તે એક જ સત્ છે.જીવને વૈરાગ્ય ત્યારે થાય છે, જ્યારે તેને વસ્તુ સ્થિતિનું જ્ઞાન થાય છે. જીવનમાં જ્યાં સુધી ધક્કો લાગે નહીં ત્યાં સુધી વૈરાગ્ય થતો નથી.તુલસી દાસજીને એમના પત્નીએ મ્હેણું માર્યું કે,આ હાડમાંસના શરીર પર પ્રેમ કરો છો તેવો પ્રેમ રામજી ઉપર કરો તો તમારું જીવન ધન્ય બની જશે. આ વચન એવાં લાગ્યાં કે, તુલસીદાસજી તે જ પળે બધું છોડી ચાલી નીકળે છે.

એક દિવસ પિંડારક તીર્થમાં ઋષિમુનિઓ બેઠા હતા. યાદવ કુમારોને આ ઋષિઓ ની મશ્કરી કરવાનું સૂઝ્યું. યાદવ કુમારોએ શાંબને સ્ત્રીનો પહેરવેશ પહેરાવી ઋષિઓને પૂછ્યું કે, આ સ્ત્રીને પુત્ર થશે કે પુત્રી? ઋષિઓએ કુમારોને શ્રાપ આપ્યો કે, આને છોકરો નહીં, છોકરી નહીં, પરંતુ તમારા કુળનો વિનાશ કરનારું મુશળ પેદા થશે. યાદવ કુમારો ગભરાયા. તેમણે પોતાની બુદ્ધિ વાપરી મુશળને ઘસી નાખ્યું અને તેનોં ટુકડો વધ્યો તે સમુદ્રમાં નાખી દીધો. તે ટુકડો એક માછલી ગળી ગઈ.પાછળથી પારધીએ માછલીના પેટમાંથી તે કાઢી તેની બાણની અણી બનાવેલી. એ બાણ તેણે શ્રીકૃષ્ણ ને મારેલું. પૃથ્વી પરની લીલા સંકેલી લેવામાં ભગવાનને એ બાણ નિમિત્ત બનેલું. મુશળ એટલે કાળ. યાદવો ની બુદ્ધિ બગડી. તેમણે ઋષિઓનું અપમાન કર્યું. એટલે એમનો કાળ આવ્યો. માણસની જ્યારે બુદ્ધિ બગડે ત્યારે એને કાળ આવે. બુદ્ધિ બગડવાથી યાદવો અંદર અંદર લડ્યા અને કપાઈ મૂઆ. મનુષ્યને લયમાં, વિનાશમાં આનંદ નથી આવતો,પણ ભગવાનને લય માં એટલે વિનાશમાં પણ આનંદ આવે છે. કારણ ભગવાન આનંદ રૂપ છે.એક દિવસ નારદજી વસુદેવને ત્યાં પધાર્યા.વસુદેવજી એ નારદજીની પૂજા કરી. તે પછી પ્રશ્ન કર્યો, આપ મને એવો ઉપદેશ આપો કે, જેથી હું આ જન્મ મૃત્યુ રૂપ ભયાનક સંસારને અનાયાસે પાર કરી જાઉં.જવાબમાં નારદજી એ નવ યોગીશ્વરો અને નિમિરાજા નો સંવાદ સાંભળ્યો:એક વખત વિદેહ રાજ નિમિના દરબારમાં નવ યોગે શ્વરો પધાર્યા. વિદેહરાજ નિમિએ તેઓને પ્રશ્ન કર્યો કે, અમને ભાગવત ધર્મનો ઉપદેશ કરો.

યોગેશ્વરો રાજાને કહે છે, આ જીવ અંશ છે. શ્રીકૃષ્ણ અંશી છે. અંશી થી અંશ જુદો પડયો છે,પણ તે ક્યારે અને કેમ જુદો પડયો અને અજ્ઞાનનો આરંભ ક્યારે થયો તે કહી શકતું નથી. અજ્ઞાનનો તો નાશ થઈ શકે છે. જીવાત્મા પરમાત્માથી જુદો પડેલો છે એ જ મહાન દુઃખ છે.તે વિયોગ રૂપી દુઃખ ત્યારે જ દૂર થાય જ્યારે જીવ પરમાત્મામાં મળી જાય. જીવ પ્રભુમાં મળે નહીં ત્યાં સુધી તેને કાળની બીક છે,ત્યાં સુધી તેણે રડવાનું છે.આ દુઃખની દવા એક જ બ્રહ્મસંબંધ! જીવ ઈશ્વર સાથે સંબંધ જોડે તે.કાળના ભય માંથી છૂટવા કાળના પણ કાળ શ્રીકૃષ્ણને શરણે જાઓ દરેક કાર્ય શ્રીકૃષ્ણની આજ્ઞા માની ને કરો. પરમાત્માને પ્રસન્ન કરવાની ભાવના થી પ્રભુપ્રિત્યર્થે કરો.દરેકમાં પરમાત્મા છે, એમ માની વ્યવહાર કરો તો એ વ્યવહાર પણ ભક્તિ બને છે. પણ સત્સંગ વગર આ જ્ઞાન પ્રાપ્ત થતું નથી, તેથી રોજ થોડો વખત સત્સંગ કરવાની જરૂર છે. સત્સંગથી મનનો મેલ દૂર થાય છે. જીવ જ્યારે જન્મ્યો ત્યારે તે શુદ્ધ હતો. તે પછી જેના સંગમાં એ આવ્યો તેવો એ થયો. માટે શ્રેષ્ઠ સંતોનો સંગ હંમેશાં રાખો. સંસારના વિષયો વહાલા લાગે ત્યાં સુધી સમજવું કે, હું વૈષ્ણવ થયો નથી, મુક્તિને લાયક થયો નથી. જગતમાં બે માર્ગ છેઃ પહેલો ત્યાગનો, બીજો સમર્પણનો. ત્યાગ માર્ગે ન જઈ શકે એવા ઓ માટે આ સમર્પણનો માર્ગ બનાવ્યો.

જે કંઈ કરો તે બધું શ્રીકૃષ્ણાર્પણ બુદ્ધિથી કરો. શરીર થી, વાણીથી, મનથી, ઈન્દ્રિયોથી, બુદ્ધિથી અને સ્વભાવે કરીને મનુષ્ય જે જે કર્મ કરો તે તે સર્વ ભગવાન નારાયણને સમર્પણ કરે.આ છે સરળ અને સીધો ભાગવત ધર્મ. ભૂતમાત્ર તરફ, પ્રાણી માત્ર તરફ જે ભગવદ્ ભાવથી જુએ છે એટલે પોતાને સર્વમાં અને સર્વને પોતામાં જુએ છે તે ઉત્તમ ભાગવત છે એમ જાણવું. પ્રભુની માયા અતિ દુસ્તર છે, પણ યોગ્ય ગુરુને શરણે જવાથી તે તરાય છે.ગુરુ જ્ઞાની અને બ્રહ્મ નિષ્ઠ જોઈએ. શબ્દબ્રહ્મમાં નિષ્ઠ હોય પણ બ્રહ્મનિષ્ઠા ન હોય તો તે ગુરુ થવાને લાયક નથી.એવો કોઈ સંત શોધી કાઢો કે,જે સંતની સ્મૃતિ તમને પાપ કરતાં અટકાવે. એકાંતમાં એક આસને બેસી ત્રણ કલાક પ્રભુના નામના મહામંત્રોનો જપ કરો. ભગવાનનું ધ્યાન કરો. દિવસમાં કંઈ નહીં, તો ત્રણ કલાક મૌન રાખો. મૌન મનને એકાગ્ર બનાવે છે.મૌનથી મનની શક્તિ વધે છે. કાયાથી,મનથી અને વચન થી કોઈનું દિલ ન દુભાવો. સ્વધર્મમાં નિષ્ઠા રાખો, પણ અન્ય ધર્મો પ્રત્યે કુભાવ ન રાખો.માયાને તારવાનાં ઘણાં સાધનો છે, પણ મોટામાં મોટું, સરળમાં સરળ અને પ્રબળમાં પ્રબળ સાધન ભક્તિ છે. ભક્ત કેવળ ભક્તિથી અનાયાસે માયાને તરી જાય છે. પ્રભુ ગીતામાં કહે છે કે, જે મારે શરણે આવે છે તે આ માયાને તરી જાય છે.જીભ ના માલિક તમે છો, જીભ તમારી છે. પ્રભુના નામનો જપ કરવામાં કંઈ ખર્ચ નથી અને છતાં જીભ નામ જપે નહીં, તમે તેની પાસેથી એટલું કામ લઈ શકો નહીં.એને પરિણામે દુઃખ ભોગવો તો એથી મોટું ઐશ્વર્ય શું? યક્ષ યુધિષ્ઠિરને એક પ્રશ્ન પૂછે છે કે, આ દુનિયામાં મોટામાં મોટું આશ્ચર્ય શું?યુધિષ્ઠિર જવાબ આપે છે કે, રોજ સેંકડો જીવો યમરાજને ઘરે જઈ રહ્યા છે તે જોવા છતાં બીજા બાકી રહેલા લોકો તો એમ જ માને છે કે, અમે મરવાના જ નથી અને એમ માની તેઓ દુનિયામાં સ્થિર રહેવા ઈચ્છે છે. આથી મોટું આશ્ચર્ય શું હોઈ શકે?ખરેખર, આ જ મોટામાં મોટું આશ્ચર્ય છે. ગીતાજી કહે છે કે, શું કર્મ અને શું અકર્મતેમાં મોટા મોટા કવિઓ-ઋષિઓ પણ મુંઝાઈ જાય છે. જે અકર્મ કર્મ જુએ છે અને કર્મમાં અકર્મને જુએ છે, એટલે કે કર્મના ફળમાં આસક્તિ રાખ્યા વગર અનાસક્તપણે કર્મ કરે છે તે જ શ્રેષ્ઠ છે. માટે ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરો.પ્રભુએ વિચાર્યું કે, હવે સ્વધામ પધારવાનો વખત થયો છે. દ્વારિકામાં મોટા મોટા અપશુક નો થવા લાગ્યા. વૃદ્ધ યાદવો ભગવાન પાસે આવ્યા. પ્રભુએ કહ્યું, હવે અહીં રહેવું ઈષ્ટ નથી. માટે આપણે પ્રભાસક્ષેત્રમાં જઈએ.આ સાંભળી સર્વ પ્રભાસ જવાની તૈયારી કરવા લાગ્યા. ઉદ્ધવજી સમજી ગયા કે, યાદવો નો સંહાર કરી ભગવાન આ લોકો નો પરિ ત્યાગ કરશે.

## હાર્ટ અટેક, સ્ટ્રોકથી બચવું હોય તો દરરોજ ખાવ એક સફરજન



હૃદયના નિયમિત ધબકારા અને પમ્પિંગ હેલ્ધી હાર્ટની ઓળખ છે. જેટલીવાર હૃદય લોહીને પમ્પ કરે છે તેટલીવાર આપણને ધબકારા સંભળાય છે. જ્યારે હૃદયની ચેમ્બરની કામ કરવાની ક્ષમતામાં ઘટાડો થાય છે તો પમ્પિંગ સ્લો થઈ જાય છે, જેનું એક કારણ કાર્ડિયોવસ્ક્યૂલર ડિઝીઝ છે. ઓક્સિજન લેવાનું કામ ફેફસાં કરે છે પરંતુ શરીરની દરેક રક્તવાહિનીઓમાં તેને હૃદય જ પહોંચાડે છે. ઓક્સિજનવાળું લોહી હૃદય પમ્પ કરીને અન્ય અંગો સુધી પહોંચાડે છે. જો પમ્પિંગ સ્લો હોય તો અલગ અલગ અંગોને ઓક્સિજન પણ ઓછું મળે છે. સફરજન અનેક પ્રકારના ગુણોથી ભરપૂર હોય છે. સફરજનને તમે અનેક રીતે ખાવામાં ઉપયોગમાં લઈ શકો છો. આ સાથે જ તમે સફરજનની સ્મૂધી બનાવીને પણ પીઓ છો તો મજ્જા પડી જાય છે. સફરજન ડિલીસિયસ અને ન્યૂટ્રિએન્ટ્સ ભરપૂર હોય છે. સફરજનમાં વિટામીન સીનો સ્રોત સારો હોય છે. આ સાથે જ એન્ટી ઓક્સિડન્ટ્સથી ભરપૂર હોય છે. ડાયજેશન માટે સફરજન બેસ્ટ છે. પાચનને લગતી તમને કોઈ તકલીફ છે તો તમે રોજ એક સફરજન સવારના સમયે ખાઓ. આ સમયે સફરજન ખાવાથી હેલ્થને અઢળક ફાયદાઓ થાય છે. આ સફરજન તમારી પાચન ક્રિયાને સારી બનાવે છે. તમે વજન ઉતારી રહ્યા છો તો સફરજન ખાવાનું શરૂ કરી દો. સફરજન ખાવાથી વજન ફટાફટ ઉતરે છે. સફરજનમાં ફાઈબરની માત્રા સારી હોય છે. આમ તમે બપોરના સમયે ૩ થી ૪ માં એક સફરજન ખાઓ છો તો સડસડાટ વજન ઉતરી જાય છે અને સાથે તમારામાં સ્ટેમિના પણ રહે છે. ફાઈબરથી ભરપૂર એક સફરજન તમે ખાઓ છો તો પેટ ભરેલું રહે છે જેના કારણે તમને બીજુ કંઈ ખાવાની ઈચ્છા જલદી થતી નથી. કબજિયાતની તકલીફ છે તો તમે રોજ સવારમાં ૮ થી ૯ વાગ્યાની વચ્ચે એક સફરજન ખાઓ. આ સમયે સફરજન ખાવાથી પેટને લગતી અનેક તકલીફો દૂર થાય છે. આ સાથે જ સવારમાં પેટ સાફ થઈ જાય છે. તમને કબજિયાતની તકલીફ છે તો તમે રોજ આ સમયે સફરજન ખાવાનું શરૂ કરી દો. સફરજનમાં શરીરનાં વીજાતીય દ્રવ્યોનો નાશ કરવાનો ખાસ ગુણ રહેલો છે. એ સંગ્રહણી, મરડો અને અતીસારમાં સારું ગણાય છે. એ ગ્રાહી છે એટલે કે પાતળા મળને બાંધીને રોકે છે. સફરજનમાં પોટેશ્યમ અને મેલીક એસીડ જેવા અગત્યના પદાર્થો છે. એનો મુરબ્બો સંગ્રહણી-અતીસારમાં ખુબ સારો છે.

## સરગવાનો પાઉડર છે અનેક બીમારીઓમાં રામબાણ ઇલાજ, હેર ગ્રોથથી લઇને બ્લડ પ્રેશર દૂર કરવા સુધી

મોરિંગા પાઉડર બનાવવા માટે સરગવાના પાંદડાઓને સૂકવીને પીસી નાખવામાં આવે છે. સરગવો એક એવું વૃક્ષ છે જેના ફૂલ, પાંદડા, શીંગ અને છાલ બધુ જ સ્વાસ્થ્ય માટે લાભદાયક છે. તે વિવિધ એન્ટિઓક્સિડેન્ટ્સ અને વિટામિનથી ભરપૂર છે. તેથી જ તેને મિરેકલ ટ્રી પણ કહેવામાં આવે છે. ચાલો જાણીએ સરગવામાં ઉપલબ્ધ વિટામિન્સ અને વિવિધ પોષકતત્વો વિશે. છેલ્લા થોડા સમયથી મોરિંગા પાઉડરના અનેક સ્વાસ્થ્ય લાભના કારણે પોષક તત્વોના પાવરહાઉસ તરીકે ખૂબ પ્રચલિત બન્યો છે. મોરિંગા પાઉડરનો ઉપયોગ પાણી સાથે પીવામાં અથવા તો રસોઈમાં ઉમેરીને કરી શકો છો. ડોક્ટર્સથી લઈને હેલ્થ એક્સપર્ટ્સ પણ માને છે કે સરગવો સ્વાસ્થ્ય માટે અનેક રીતે લાભદાયક છે. મોરિંગા પાઉડર બનાવવા માટે સરગવાના પાંદડાઓને સૂકવીને પીસી નાખવામાં આવે છે. સરગવો એક એવું વૃક્ષ છે જેના ફૂલ, પાંદડા, શીંગ અને છાલ બધુ જ સ્વાસ્થ્ય માટે લાભદાયક છે. તે વિવિધ એન્ટિઓક્સિડેન્ટ્સ અને વિટામિનથી ભરપૂર છે. તેથી જ તેને મિરેકલ ટ્રી પણ કહેવામાં આવે છે. ચાલો જાણીએ સરગવામાં ઉપલબ્ધ વિટામિન્સ અને વિવિધ પોષકતત્વો વિશે. આ પાવડરમાં કેલ્શિયમ, પોટેશિયમ અને આયર્ન જેવા આવશ્યક મિનરલ્સ હોય છે.



જે હાડકાના સ્વાસ્થ્ય માટે મહત્વના છે. પ્રવાહી બેલેન્સ અને શરીરમાં ઓક્સિજન પહોંચાડે છે અને વાળને ખરતા અટકાવે છે. ક્વેર્સેટિન અને ક્લોરોજેનિક એસિડ સહિત એન્ટિઓક્સિડેન્ટ્સ હોવાથી આ પાવડર શરીરમાં ઓક્સડેટિવ તણાવ અને બળતરા સામે લડવામાં મદદ કરે છે. ઈન્ફલામેશનનો ઉપચાર ખૂબ જ મુશ્કેલ છે. લાંબા સમય સુધી બળતરા થવાથી હયદ રોગ અને કેન્સર જેવી ગંભીર આરોગ્ય સમસ્યાઓ થાય છે. મોરિંગાના એન્ટી-ઈન્ફલામેટરી ગુણધર્મો તેના પાંદડા, શીંગો અને બીજમાં હાજર આઈસોથિયોસાયનેટ્સ નામના કમ્પાઉન્ડને આભારી છે. અમુક રીસર્ચ અનુસાર, મોરિંગા બ્લડ શુગર લેવલને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. જે તેને ડાયાબિટીસ અથવા જોખમ ધરાવતા લોકો માટે ફાયદાકારક છે. મોરિંગામાં હાજર ક્લોરોજેનિક એસિડ ભોજન પછીના બ્લડ શુગર લેવલને સ્થિર કરવામાં મદદ કરી શકે છે. મોરિંગાના પાનનો અર્ક ડાયાબિટીસ ધરાવતા લોકો માટે લાભદાયક છે. તે શરીરમાં આ રોગને વધતો અટકાવે છે. મોરિંગા પાઉડરમાં રહેલા એન્ટીઓક્સિડેન્ટ્સ મુક્ત રેડિકલને બેઅસર કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે અને તે તમારી સંપૂર્ણ સુખાકારીને વધારે છે. ક્વેર્સેટિન બ્લડ પ્રેશરને ઘટાડવામાં મદદ કરે છે. મોરિંગાના પાંદડાનો પાવડર ફાઈબરથી સમૃદ્ધ છે, જે પાચનમાં મદદ કરે છે. જેનાથી ડાયાબિટીસ અને કોલોન કેન્સર જેવા રોગોનું જોખમ ઘટે છે. કોલાઈટિસ જેવા પાચન વિકારને દૂર કરવામાં મદદ કરે છે. સરગવો શીંગ એક શાકભાજીમાં ઉપ યોગી વૃક્ષ છે. છતાં તેનું આયુર્વેદમાં મહત્વ જણાતા તેના ફળ, ફૂલ, મૂળ, બીજ, છાલ, પાંદડા તેમજ ગુંદર વગેરેનો ઉપયોગ કરીને પાવડર, સૂપ, ચૂર્ણ, શાકભાજી, લેપ તેમજ દવાઓ બનાવીને તેનો ઉપયોગ કરવામાં આવે છે. સરગવાનું ફળ લીલા લીલા રંગનું તથા આંગળી સમાન મોટી હોય છે.

સરગવામાં સફેદ અને લાલ એમ બે પ્રકારના સરગવા હોય છે. તેમાં સફેદ ફૂલો વાળો સરગવો કડવો અને લાલ ફૂલ વાળો સરગવો મીઠો હોય છે. સરગવામાં ઘણા ઔષધીય ગુણધર્મો હોય છે. તેમાં કેલ્શિયમ, પોટેશિયમ, કોપર, મેગ્નેશિયમ, આયર્ન અને ઝિંક જેવા તત્વો હોય છે.

## આ દાળની મદદથી શરીરમાંથી લોહીની કમી દૂર થઈ શકશે



ભારતમાં મગની દાળનો ઉપયોગ ખાવામાં થાય છે. મગ દાળ પોષક તત્વોથી ભરપૂર હોય છે. તેમાં વિટામિન એ, બી,સી અને ઈ ઉપરાંત કેટલાય અન્ય મિનરલ્સ જોવા મળે છે. તે દાળ આયરન, કેલ્શિયમ, કોપર, મેગ્નીશિયમ, પોટેશિયમ તથા ફાઈબરથી ભરપૂર હોય છે. મગદાળને પ્રોટીનનો ખજાનો પણ કહેવાય છે. તેનાથી શરીરમાં કેટલીય રોગને દૂર કરી શકાય છે. જો તેને પલાળીને ખાવામાં આવે તો, આપના માટે તે ફાયદાકારક સાબિત થાય છે. જે લોકોમાં લોહીની કમી છે, તેમણે પણ અંકુરિત મગનું સેવન કરવું જોઈએ. અંકુરિત મગદાળ આયરનથી ભરપૂર હોય છે. એટલા માટે તેના સેવનથી લોહીમાં ઓક્સિજનનું સ્તર અને લાલ રક્ત કોશિકાઓને પ્રોત્સાહન મળે છે. તેના સેવનથી આપના શરીરમાં લોહીની કમી દૂર થાય છે અને એનીમિયાથી લડવામાં મદદ મળે છે. તેમણે આગળ જણાવ્યું છે કે, અંકુરિત મગમાં ઓમેગા ૩ ફેટી એસિડ હોય છે, જે ગુડ કોલેસ્ટ્રોલને વધારે છે અને બેડ કોલેસ્ટ્રોલને કમ કરે છે. જો આપ ફીવર દરમ્યાન મગનું પાણી પીવાનું રાખશો, તો તેનાથી ઘણો આરામ મળશે. મગમાં ઓછું ગ્લાઈસેમિક ઈંડેક્સ હોય છે. જેનો અર્થ એ થાય છે કે, તે રક્તપ્રવાહમાં ધીમી ગતિથી શુગરને અવશોષણ કરે છે. જેનાથી બ્લડ શુગરનું સ્તર અચાનક વધતા રોકે છે. મગદાળને પલાળવાથી ગ્લાઈસેમિક લોડ કમ કરવામાં મદદ મળે છે. ડાયાબિટીઝના દર્દી અને તેમના બ્લડ શુગરના સ્તરને મેનેજ કરનારા વ્યક્તિઓ માટે એક સારો વિકલ્પ છે કે, દરરોજ મગદાળનું સેવન કરવામાં આવે. શરીરને ફિટ અને સ્વસ્થ રાખવા માટે ઘણા પોષક તત્વો અને વિટામિન્સની જરૂર હોય છે. આ માટે રોજિંદા આહારમાં પોષક તત્વોથી ભરપૂર તંદુરસ્ત આહાર લેવાની સલાહ આપવામાં આવે છે. કઠોળમાં ઘણા વિટામિન્સ અને પોષક તત્વો ભરપૂર માત્રામાં હોય છે. આ જ કારણ છે કે રોજિંદા આહારમાં કઠોળનો સમાવેશ કરવાની સલાહ આપવામાં આવે છે. તેવી જ રીતે મગની દાળ પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. મગની દાળમાં પ્રોટીન, ફાઈબર, ઝિંક, વિટામિન બી૧, આયર્ન, કોપર સહિતના ઘણા પોષક તત્વો મળી આવે છે જે શરીરને સ્વસ્થ રાખે છે. આવો આજે અમે તમને મગની દાળના ફાયદા જણાવીએ. એક સમાચાર અનુસાર, મગની દાળનું સેવન શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરવામાં મદદ કરે છે. મગની દાળ ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરીને હૃદયને સ્વસ્થ રાખે છે. કોલેસ્ટ્રોલથી પીડિત દર્દીએ મગની દાળનું સેવન કરવું જોઈએ. મગમાં પ્રોટીન અને ફાઈબર ભરપૂર માત્રામાં જોવા મળે છે. તેમાં ફાઈબર હોવાથી તે પાચનતંત્રને મજબૂત બનાવે છે. મગની દાળનું નિયમિત સેવન વજન ઘટાડવામાં મદદ કરે છે. મગની દાળના સેવનથી ભૂખ લાગતા હોર્મોન્સ એટલા સક્રિય નથી રહેતા અને પેટ લાંબા સમય સુધી ભરેલું રહે છે.

## અનેક બીમારીનો રામબાણ ઈલાજ છે આ જીવનો ડંખ

જ્યારે મધમાખી આપણને કરડે છે. ત્યારે આપણને તાત્કાલિક કોઈ ઈલાજ સૂજતો નથી. પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે મધમાખીના ડંખ મારવા ઉપરાંત અનેક રોગો માટે રામબાણ ઈલાજ મળી ગયો છે. મધ્યપ્રદેશના દમોહ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં મધમાખી ઉછેરની શરૂઆત થઈ છે. કુઆખેડા ગામમાં પ્રથમ ઝલક જોવા મળી હતી. દર વર્ષે મધમાખીઓની સંખ્યા વધી રહી છે. એક મોટો બદલાવ એ પણ જોવા મળી રહ્યો છે કે લોકોએ વર્ષો જૂની મધમાખી ઉપચાર અપનાવવાનું શરૂ કરી દીધું છે. મધમાખીનો ડંખ એટલો ખતરનાક છે કે જો મધમાખી વ્યક્તિને કરડે તો તે



ગંભીર એલર્જીની સાથે પીડા, અસ્વસ્થતા અને મૃત્યુ પણ કરી શકે છે. આની શક્યતા છે પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે મધમાખીનો ડંખ પણ અનેક રોગો માટે રામબાણ છે. જેના કારણે આપણે એપી થેરાપી, બી-થેરાપી અને બી-વેનોમ થેરાપી તરીકે પણ જાણીએ છીએ. તબીબી વિજ્ઞાનમાં, તેને વૈકલ્પિક ઉપચાર તરીકે ઓળખવામાં આવે છે, જેની પ્રથા દેશ-વિદેશમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. બુંદેલખંડના સાગર અને દમોહના ગ્રામીણ વિસ્તારોમાં ઘણી જગ્યાએ, સાગર જિલ્લાના હાટા, બટિયાગઢ, પથરિયા અને ગધાકોટામાં આ પદ્ધતિથી સારવાર કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, આ તબીબી પદ્ધતિ લગભગ ૩૦૦ વર્ષ જૂની છે. આ પદ્ધતિમાં મધમાખીના ડંખથી બી-વેનોમ સીધું શરીરમાં દાખલ થાય છે. આ પછી છોડવામાં આવતું ઝેર સંધિવાની સારવારમાં ખૂબ જ અસરકારક છે.આ મધમાખીનો ડંખ ઘૂંટણનો દુખાવો, કમરનો દુખાવો, આધાશીશી, સાયટિકા જેવા રોગો માટે રામબાણ છે.

BOLLYWOOD NEWS FLASH

## નાઝિલા સિતાશીની તસવીરો વાયરલ

### હાલમાં તેની ચારેબાજુ ચર્ચાઓ થઇ રહી છે



। મુંબઈ, તા.૨૨ ।

સ્ટેન્ડઅપ કોમેડિયન મુનવ્વર ફારુખી આ દિવસોમાં બિગ બોસ ૧૭માં પ્રભુત્વ ધરાવે છે. જો કે હાલમાં મુનવ્વરની ગર્લફ્રેન્ડ નાઝિલા સિતાશીની ચારેબાજુ ચર્ચાઓ થઈ રહી છે. સોશિયલ મિડીયામાં નાઝિલા સિતાશીની તસવીરો પણ ખૂબ વાયરલ થઈ રહી છે. જો કે આ વિશે દરેક લોકો જાણવા ઈચ્છે છે કે નાઝિલા કોણ છે. આમ, તમે પણ મુનવ્વરની ગર્લફ્રેન્ડ નાઝિલાને જાણતા નથી તો જાણો ખરેખર આ કોણ છે. મુનવ્વર ફારુખીની ગર્લફ્રેન્ડ નાઝિલા સિતાશીએ આ દિવસોમાં એક પોસ્ટ શેર કરી છે જે સોશિયલ મિડીયામાં છવાઈ ગઈ છે. નાઝિલાની પોસ્ટ હાલમાં ચર્ચાનો વિષય લોકો માટે બની છે. નાઝિલાએ આ પોસ્ટમાં કોઈ પણ વ્યક્તિનું નામ લીધુ નથી. નાઝિલાએ લખ્યુ છે કે ઓનલાઈનમાં દરેક વસ્તુ એવી નથી હોતી જે દેખાય છે. કોઈ પણ એટલું સારું અને નૈતિક હોતુ નથી જેટલું એ દેખાડવાની કોશિશ કરી છે. આ વિશે નાઝિલા આગળ લખે છે કે આ માટે કહેવાય છે કે પોતાના આઈડલને મળશો

## અક્ષય કુમાર સાથે બેકાબૂ થઇ ગઇ હતી રેખા

। મુંબઈ, તા.૨૨ ।

બોલિવૂડના સુપરસ્ટાર અક્ષય કુમારે એકથી એક હિટ ફિલ્મો આપી છે. તેની ફિલ્મ 'ખિલાડિયોં કે ખિલાડી' બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ હતી. આ ફિલ્મમાં અક્ષય કુમારે જબરદસ્ત એક્શન કર્યુ હતું. સાથે જ ખિલાડી કુમારે બોલિવુડ એક્ટ્રેસ રેખા સાથે એવા એવા સીન્સ આપ્યાં હતાં, જેને જોઈને ફેન્સ પાણી-પાણી થઈ ગયાં હતાં. એક બોલ્ડ સીનના શુટિંગ દરમિયાન રેખા, અક્ષય કુમાર સાથે બેકાબૂ થઈ ગઈ હતી. ફિલ્મ 'ખિલાડિયોં કે ખિલાડી'માં અક્ષય કુમાર અને રેખાએ એક ગીત માટે શુટ કર્યુ હતું, જેમાં બંનેએ બધી હદો પાર કરી દીધી હતી. ફિલ્મના આ સીનને જોઈને લોકોને પરસેવા છૂટી ગયા હતાં. આ બોલ્ડ સીનના શુટિંગ વખતે અક્ષય કુમાર અને રેખાની કેમેસ્ટ્રી જોવા જેવી હતી. તેને શુટ કરતી વખતે રેખા પોતાના ઈમોશન પર કંટ્રોલ ન કરી શકી અને તે અક્ષય કુમાર સાથે બેકાબૂ થઈ ગઈ હતી. આ સોન્ગના શુટિંગ દરમિયાન રેખાએ અક્ષય કુમારની પીઠ પર નખથી ઉજરડા પાડી દીધાં હતાં. જેના કારણે અક્ષય કુમાર ઘાયલ થઈ ગયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ સીન બાદ રેખાને અક્ષય કુમાર સાથે પ્રેમ થઈ ગયો હતો.



## બિગ બોસના સેટ પર ૨૪ કલાક ડોક્ટર હાજર રહે છે

। મુંબઈ, તા.૨૨ ।


બિગ બોસ ૧૭ના ઘરના લેટેસ્ટ એપિસોડમાં અંકિતા લોખંડે પોતાના પતિ વિક્કી જૈન સાથે વાત કરતા કહે છે કે, ડોક્ટરે તેનો બ્લડ ટેસ્ટ કર્યો છે. બ્લડ ટેસ્ટની સાથે સાથે તેનું યુરિન સેમ્પલ પણ લેવામાં આવ્યું છે. તે રિપોર્ટની રાહ જોઈ રહી છે. આ પહેલા ગત્ત સિઝનમાં બિગ બોસના ઘરમાં ડોક્ટરને લઈ વાતો થઈ હતી. માત્ર ડોક્ટર જ નહિ પરંતુ અનેક સુવિધાઓ સ્પર્ધકો માટે સેટ પર હાજર હોય છે.



## કાર્તિક આર્યન ઈચ્છા મુજબ કાર પણ ખરીદી નથી શકતો

। મુંબઈ, તા.૨૨ ।

બોલિવુડ એક્ટર કાર્તિક આર્યન એવા કેટલાક સ્ટાર્સમાંથી એક છે, જેમને બહુ ઓછા સમયમાં હિન્દી સિનેમામાં મોટું નામ કમાવ્યું છે. તેની હાલની રીલિઝ ફિલ્મમાં શહેઝાદા સિવાય સત્યપ્રેમ કી કથા અને ભૂલ ભૂલૈયા ૨ એ બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કર્યો અને જોરદાર કમાણી કરી. પરંતુ કરોડોની કમાણી કરનાર કાર્તિક આર્યન પોતાની ઈચ્છા મુજબ કાર પણ ખરીદી શકતો નથી. તો જાણો એવું કેમ છે? કાર્તિક આર્યને આ વાતનો ખુલાસો કર્યો છે. હાલમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન કાર્તિક આર્યનએ જણાવ્યું હતું કે તે જે કંઈ પણ કમાય છે, તેના પૈસાથી સંબંધિત તમામ ટ્રાન્ઝેક્શન અને બેંકિંગ તેની માતા ધ્યાન રાખે છે. તેને કહ્યું, "મારી માતા મારા પૈસાની સંભાળ રાખે છે. મને ખબર નથી કે મારા ખાતામાં કેટલા પૈસા છે અથવા કોઈ પૈસા છે કે નહીં. તેના તાજેતરના કિસ્સો કહેતા એક્ટરે કહ્યું, "હું મારા જન્મદિવસ પર કાર ખરીદવા માંગતો હતો, પરંતુ મારી માતાએ પૈસા ન હોવાનું કહીને ના પાડી દીધી હતી. તેને કહ્યું કે કદાચ આવતા વર્ષે અથવા થોડા સમય પછી, પરંતુ હવે તે લઈ શકતો નથી. કાર્તિક આર્યનએ કહ્યું કે તેની માતા તેને જે કહે તે માનવા સિવાય તેની પાસે બીજો કોઈ ઓપ્શન નથી. તેને કહ્યું કે "મને એ પણ ખબર નથી કે કેવી રીતે ચેક કરવું (એકાઉન્ટમાં પૈસા). મને ખબર નથી કે તે કયું એકાઉન્ટ છે." કાર્તિકે કહ્યું કે ક્યારેક મને ગુસ્સો આવે છે કે તમે (મા) મને કંઈપણ ખરીદવા માટે મંજૂરી નથી આપતી.



## કરણ લોકોના ઘર તોડશે, વરુણ ધવનની ટિપ્પણીથી વિવાદ

। મુંબઈ, તા.૨૨ ।

દીપિકા-રણવીર સિંહ, દેઓલ બ્રધર્સ, અનન્યા-સારા અને પછી આલિયા-કરીના કપૂર કોફી વિથ કરણ ૮ના ચાર એપિસોડમાં મહેમાન બની ચૂક્યા છે. આ તમામ એપિસોડમાંથી પ્રથમ એપિસોડ સૌથી વધુ વિવાદાસ્પદ રહ્યો હતો. જો કે, હવે ચાહકો આગામી એપિસોડની રાહ જોઈ રહ્યા છે ત્યારે કોફી વિથ કરણનો નવો પ્રોમો રિલીઝ થયો છે. જેમાં આ વખતે વરુણ ધવન અને સિદ્ધાર્થ મલ્હોત્રા, વિકી કૌશલ અને જાહ્નવી કપૂર સહિત ૯૦ના દાયકાના ઘણા લોકપ્રિય સ્ટાર્સ પણ ટૂંક સમયમાં જ શોમાં એન્ટ્રી કરવા જઈ રહ્યા છે. કરણ જોહરના સ્ટુડન્ટ્સ વરુણ અને સિદ્ધાર્થ લાંબા સમય પછી એકસાથે જોવા મળશે. ત્યારે તેમના આવવાને લઈને ચાહકો પણ ખૂબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. કોફી



વિથ કરણના નવા પ્રોમોમાં જોઈ શકાય છે હોસ્ટ કરણ જોહરને લઈને વરુણ ધવને એવું નિવેદન આપ્યું કે તે સાંભળીને કરણ ચિડાઈ જાય છે. લેટેસ્ટ પ્રોમો જોયા બાદ યુઝર્સની પ્રતિક્રિયાઓ પણ સામે આવી રહી છે. વાસ્તવમાં, વરુણ ધવન, સિદ્ધાર્થ મલ્હોત્રા અને આલિયા ભટ્ટે કરણ જોહરની ફિલ્મથી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી, ત્રણેય શરૂઆતથી જ કરણ જોહરની ખૂબ નજીક છે. પ્રોમોની શરૂઆતમાં જાહ્નવી કપૂર અને રાની મુખર્જી જોવા મળે છે. જે બાદ અજય દેવગન પણ શોમાં એન્ટ્રી કરે છે. આ દરમિયાન વિકી કૌશલ કહેતો જોવા મળ્યો કે, અમે અહીં શુદ્ધી કરવા આવ્યા છીએ. વીડિયોમાં વરુણ ધવન આ બધાની વચ્ચે કહેતો જોવા મળ્યો હતો.

# બારડોલી તાલુકાના ભામૈયા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથનું ભવ્ય સ્વાગત

## કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું



। બારડોલી, તા.૨૨ ।

ભારત સરકાર અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓ ગામે ગામ સુધી પહોચે તેવા આશયથી સુરત જિલ્લાના બારોડલી તાલુકામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આઠમા દિવસે ભામૈયા ગામે આવી પહોંચ્યો હતો. આ સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ વિભાગોની યોજનાઓ જેવી કે પોષણ અભિયાન, કુપોષણ મુક્ત ભારત અને એનિમિયા, પી.એમ કિસાનવય યોજના,કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ,જલ જીવન મિશન યોજના,અટલ પેન્શન યોજનાઓ બાબતે વિસ્તૃત માહિતી વિવિધ શાખાઓ દ્વારા પુરી પાડવામાં હતી. તેમજ ICDS બારડોલીના ઈન્ચાર્જ CDPO શ્રી, કર્મચારી અને કાર્યકર દ્વારા મિલેટ અને THRનો ઉપયોગ કરી વિવિધ વાનગીઓનું પ્રદર્શન કરવામાં કરી તેનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્માન કાર્ડ અને પીએમ-કિશાનના લાભાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મિશન મંગલમ્ યોજના હેઠળ સખીમંડળની બહેનોને ચેક વિતરણ કરવામાં આવ્યું હતું. ખેતીવાડી શાખા દ્વારા ડ્રોન ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું. 'મેરી કહાની મેરી ઝુબાની' અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના અને આઈસીડીએસના લાભાર્થી દ્વારા મેળવેલા લાભની સાફલ્યા ગાથા રજુ કરવામાં આવી હતી.

આ અવસરે મામલતદાર સુરત આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી અંકિતભાઈ,વાસ્મોના આસિસ્ટન્ટ મેનેજરશ્રી પી.આર.ભટ્ટ, M.O.(આયુ.) શ્રી ડો.તારક આર. અધાર્યું, મેડીકલ ઓફીસરશ્રીમતી ડો.હિરલબેન સરવૈયા, સરપંચશ્રી પુષ્પાબેન આનંદભાઈ રાઠોડ, ઉપસરપંચશ્રી રજનીકાંત દિપકભાઈ પરમાર અને ગ્રામ પંચાયતના સભ્યશ્રી,તાલુકા પંચાયતનો સ્ટાફ અંકુરભાઈ રાઠોડ, મુખ્ય સેવિકા ગીતાબેન સી.ચૌધરી, કાર્યકરો, તેડાગર તથા આરોગ્ય સ્ટાફ તેમજ અન્ય વિભાગના અધિકારી, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્યમંત્રી

# દર્શનાબેન જરદોશે બારડોલીના અકોટી ગામે આવેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત કર્યુ



। ખેડા, તા.૨૨ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે હેતુસર શરૂ કરાયેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના રથનું બારડોલી તાલુકાના અકોટી ગામે કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્યમંત્રી દર્શનાબેન જરદોષ તથા ગ્રામજનોએ કંકુ તિલકથી ભવ્ય સ્વાગત કર્યું હતું. આ અવસરે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, જનજનના વિકાસ અર્થે શરૂ કરાયેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી તથા લાભો લોકોને ઘરઆંગણે પુરી પાડવામાં આવી રહયા છે. આદિવાસી સમાજના વિશ્વાસને કાયમ રાખતા વડાપ્રધાનના સફળ નેતૃત્વ હેઠળ ડબલ એન્જિનની સરકારે હર હંમેશ ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગને પ્રાધાન્ય આપ્યું છે. ગ્રામીણ અને પછાત મહિલાઓ માટે જન્મથી લઈ અભ્યાસ, આરોગ્ય, લગ્ન અને વિવાહ સહિતના પ્રસંગો માટે સરકારે વિવિધ યોજનાઓ અમલી કરી છે એમ તેમણે જણાવ્યું હતું. દેશના શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધી ભારતને આત્મનિર્ભર બનાવવા માટેના સંકલ્પને ચરિતાર્થ કરવા દેશને એક જુટ થઈ આગળ વધવા અને સરકારી યોજનાઓનાં લાભ લેવાનો અનુરોધ કર્યો હતો. આ અવસરે બારડોલીના ઐતિહાસિક ગામે આવી પહોંચેલી જન આશીર્વાદ યાત્રાને વધાવતા સાંસદ પ્રભુભાઈ વસાવાએ કહ્યું કે, દેશને વિકસિત દેશોની હરોળમાં પહોંચાડવા માટે સરકાર દ્વારા સતત પ્રયત્નો થઈ રહ્યા છે. વિકસિત ભારત સંકલ્પ રથયાત્રા થકી અન્ય એક સફળ પ્રયાસ દ્વારા લોકોને ઘરબેઠા ૧૦૦ ટકા સરકારની ફ્લેગશીપ યોજનાઓનો લાભ આપ વામાં આવી રહ્યો છે તેમજ તેનાથી માહિતગાર કરાઈ રહ્યા છે. જે થકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કુટુંબ, સમાજ અને ગામથી લઈ રાષ્ટ્રની એકતાનો સંદેશ સમગ્ર વિશ્વમાં પહોંચાડ્યો છે. આ અવસરે મંત્રીશ્રીઓના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે હાજર સૌએ આત્મનિર્ભર ભારત અને વિકસિત રાષ્ટ્ર બનાવવાના પ્રતિજ્ઞા લીધી હતી. તેમજ સરકારની વિવિધ યોજનાઓ દર્શાવતી શોર્ટ ફિલ્મ પણ નિહાળી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી બી.કે.વસાવા, ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ભાવેશભાઈ પટેલ, જિલ્લા પંચાયતના કારોબારી સમિતિ અધ્યક્ષ જીતુભાઈ પટેલ, જીગરભાઈ નાયક, ભરતભાઈ રાઠોડ, ગામના સરપંચ હિનાબેન રાઠોડ, બારડોલીના પ્રાંત અધિકારી જીજ્ઞાબેન પરમાર, તલાટી મંત્રી રેખાબેન યાદવ, અગ્રણી વિભાગના અધિકારીઓ, જિલ્લા તેમજ તાલુકા પંચાયતના સભ્યો સહિત કર્મચારીગણ અને મોટી સંખ્યામાં ગ્રામવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નર્મદા જિલ્લાની તાલુકા પંચાયતોના ભાજપના સદસ્યોનો પ્રશિક્ષણ વર્ગ ૨૫ નવેમ્બર ના રોજ પોઈચા ખાતે યોજાશે



। રાજપીપળા, તા.૨૨ ।

નર્મદા જિલ્લાની તાલુકા પંચાયતોના ભાજપ ના સદસ્યો નો પ્રશિક્ષણ વર્ગ ૨૫ નવેમ્બર ના રોજ પોઈચા યોજાનાર છે જેની વ્યવસ્થા ની બેઠક રાજપીપલા નર્મદા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે યોજાઈ હતી એ પ્રશિક્ષણ વર્ગ ખૂબ સારી રીતે યોજાઈ અને આવનાર તાલુકા પંચાયતના સદસ્યો ને કોઈ તકલીફ ન પડે તે બાબત ની બેઠક યોજાઈ હતી આ બેઠક નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ અને પ્રશિક્ષણ વર્ગ ના ઈન્ચાર્જ અને નર્મદા જિલ્લા ભાજપ ના મહામંત્રી નિલભાઈ રાવ ની અધ્યક્ષતામાં યોજાઈ હતી.નર્મદા જિલ્લાની ૫ તાલુકા પંચાયત ના પ્રશિક્ષણ વર્ગ ૬૬ સદસ્યો અપેક્ષિત રહેનાર છે.આ પ્રશિક્ષણ વર્ગ માં પ્રદેશ કક્ષાએથી પ્રવક્તાઓ પણ આવનાર છે. વ્યવસ્થા ની બેઠક માં ભાજપ ના કાર્યકર્તાઓ ને જવાબદારી સોંપવામાં આવી છે.કાર્યકર્તાઓ ને સુશોભન, જમવાની, પ્રેસ મીડિયા અને સદસ્યો ને વર્ગ સુધી કેવી રીતે પહોંચે તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# સુરત જિલ્લાના માંડવી તાલુકાના સરકુઈ અને બેડધા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત

। સુરત, તા.૨૨ ।

સુરત જીલ્લાના માંડવી તાલુકાના સરકુઈ અને બેડધા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આધુનિક રથ ગામ ખાતે ગ્રામજનોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. સરકુઈ ગામે તાલુકાપંચાયત સભ્ય, કારોબારી સમિતિના ચેરમેન શ્રી કમલેશભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં આત્મ નિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં સપનાને સાકાર કરવા તથા દેશની સમૃદ્ધિની ગાથા વર્ણવી હતી. વિવિધ વિભાગોના અધિકારી અને કર્મચારીઓએ યોજનાઓ જેવી કે પોષણ અભિયાન, કુપોષણ મુક્ત ભારત અને એનિમિયા, પી.એમ કિસાન વય યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ, જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, પશુપાલનની વિગતો જણાવી હતી. આ પ્રસંગે સરપંચશ્રી કલ્પ નાબેન કમલેશ ભાઈ ચૌધરી, મેડિકલ ઓફિસર હિરલબેન ચૌધરી, વાસ્મો અધિકારીશ્રી, બોરડ, અમિતભાઈ, ગ્રામ સેવક નેહાબેન કોટવાડિયા, આરોગ્યના સુપરવાઈઝર જમનાબેન વસાવા, પ્રજ્ઞાબેન બી. ચૌધરી ICDS મુખ્ય સેવિકા, રામસીંગભાઈ ચૌધરી આરોગ્ય સુપરવાઈઝર, પ્રવીણભાઈ TLE માંડવી તાલુકાપંચાયત, SBI બેંક માંથી પધારેલ અધિકારી,આદિજાતિ વિકાસ માંથી પધારેલ અધિકારી શ્રી,બીજલભાઈ ગામના વડીલ,, નારૂભાઈ (APMC Director) કનુભાઈ ડેપ્યુટી સરપંચ,નુ. આંગણવાડી, કાર્યકર, તેડાગર તથા આરોગ્ય સ્ટાફ તેમજ અન્ય વિભાગના અધિકારી, કર્મચારી ગણની ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું,ICDS, pmjay, સખી મંડળ, ખેતીવાડી વિભાગ, આરોગ્ય વિભાગના લાભાર્થીઓએ તેમને મળેલા લાભો વર્ણવ્યા હતા.

# વાયુ સેના પરિવાર કલ્યાણ સંઘ દ્વારા દ્રષ્ટિહીન બાળકોના વિકાસ માટે ભગીરથ કાર્ય

। વડોદરા, તા.૨૨ ।

વાયુ સેના પરિવાર કલ્યાણ સંઘ (AFFWA) એ હંમેશા તેમના બંધુઓના કલ્યાણ અને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચવાની દિશામાં કામગીરી કરે છે. આવો જ એક પ્રયાસ ૧૮ નવેમ્બરે વડોદરાના વાયુ સેના સ્ટેશન દ્વારા સીસીઆઈ અને સમાજ સુરક્ષા સંકુલ અને એન. જી. ઓ. ના સહયોગથી કરવામાં આવ્યો હતો.આ સંસ્થા વંચિત અને દ્રષ્ટિહીન બાળકોના વિકાસ અને જીવનને પ્રોત્સાહન આપવા સતત કાર્યરત છે. AFFWAના પ્રાદેશિક અધ્યક્ષ શ્રીમતી રિચા તિવારી, સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ અને વિંગ કમાન્ડર અમૃતા બાસુદેવ (નિવૃત્ત), AFFWA (L) ના પ્રમુખ અને વડોદરા વાયુ સેના સ્ટેશનની અન્ય સંગિનીઓએ વોશિંગ મશીન, સ્વેટર્સ, સ્પોર્ટ્સ શૂઝ, ઈન્ડોર અને આઉટડોર સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ જેવી વિવિધ વસ્તુઓનું વિતરણ કરીને કરૂણતા અને ઉદારતા દર્શાવી હતી.

# રાજપીપળાના સ્નેહમિલન સમારંભમાં નાંદોદના ધારાસભ્ય દર્શનાબેન દેશમુખે જાહેર મંચ પરથીઉભરો ઠાલવ્યો

## ભાજપના જ કાર્યકરો મારી હાંસી ઉડાવે છે : ડો. દર્શના દેશમુખ



। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૨ ।

નર્મદા જિલ્લાના નાંદોદ વિધાન સભાની ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા વર્ષની શુભેચ્છાઓ માટે એક સ્નેહમિલન યોજાયું હતું. આ સ્નેહ મિલન સમારંભમાં ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખે પોતાનો બળાપો કાઢતાં જણાવ્યું હતું કે, સામાન્યમાં સામાન્ય કાર્યકર ધારાસભ્યનું અપમાન કરે છે, કાર્યકરો મારી સામે જોઈને મારી હસી ઉડાડે છે. આમ કહી ભાજપના કાર્યકરો પર જ ઊભરો ઠાલવ્યો હતો.

જેને કારણે ભાજપા છવણીમાં સન્નાટો વ્યાપી ગયો હતો. દર્શનાબેને કહ્યું કે ભગવાન સાક્ષી છે કે મેં કોઈનું કોઈ નું અપમાન કર્યું નથી .પરંતુ મારું પાર્ટીના લોકો મારું અપમાન કરી રહ્યા છે, એક નાનો કાર્યકરો મારી સામે જોઈને મારી હસી ઉડાડે છે.આં મારું અપમાન નથી ભાજપનાં ધારાસભ્ય નું અપમાન છે.કહી ભાજપ નાં કાર્યકરો ઉપર જ ઉભરો ઠાલવ્યો હતો. આ ઘટના પછી સાંસદ મનસુખ વસાવાએ પ્રતીક્રિયા આપતાં જણાવ્યું હતું કે ધારાસભ્યએ આવી વાત જાહેર મંચ પરથી ના કરવી જોઈએ, સંગઠન માં વાત મૂકી સમાધાન કરાય જે બંધારણે કરવી જોઈએ. રાજીનામુ આપવું ગંભીર બાબત કહેવાય, હુંએ બાબતે વાત કરીશએમ જણાવતા સ્નેહમિલન કાર્યક્રમમા સન્નાટો વ્યાપી ગયો હતો.

ધારાસભ્ય દર્શનાબેને જણાવ્યું હતું કે ભૂલી જજોકે હું જ કંઈક છું.અને મારા થકી જ આ પાર્ટી ચાલે છે તો મારે એવા લોકોને કહેવું છેકે એવું માનતા હોય તો ભૂલી જજો આ ભારતીય જનતા પાર્ટીમાં ભોગ આપનારા ઘણા બધા કાર્યકરો,વડીલો છે જેમણે ભારતીય જનતા પાર્ટી માટે પોતાનો ભોગ આપ્યો છે,

મિત્રો હું આપના ઉપર છોડું છું કે ભારતીય જનતા પાર્ટીનાનર્મદાના ઈતિહાસમાં ક્યારેય નથી બન્યું કે જાહેરમાં ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યનું જાહેરમાં અપમાન થયું હોય. તમે શું સાબિત કરવા માંગો છો? ભારતીય જનતા પાર્ટીના કાર્યકર તરીકે તમે? ભારતીય જનતા પાર્ટીમાં લોકોએ બલિદાન આપ્યા છે. આપ સૌને મારી વિનંતી છે કે તમે ધારાસભ્ય તરીકે મને ચાર વર્ષ જોવા માગતા હો તો તો તમારે સૌએ પણ આ નિર્ણય કરવો પડશે કે અને જે લોકોએ મારું અપમાન કર્યુ છે તે લોકોને અપમાનનો બદલો લેવો પડશે.

એમ કહી ભાજપાના જ કાર્યકરોને ભાજપાનાકાર્યકરોનોબદલોલેવાનીવાતજાહેરમંચ પરથી કરતા તેના ઘેરા રાજકીય પ્રત્યાઘાતો પડ્યા હતાં.લોકસભાની ચૂંટણી ટાણે ભાજપા શરૂ થયેલો આંતરિક ખટરાગ ક્યાં જઈને અટકશે એ વિષય હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

# વંચિતો સુધી જાગૃતિ સંદેશો પહોંચવાની પહેલ એટલે વિકસિત ભારત સંકલ્પ યાત્રા સાંસદ જશવંતસિંહ ભાભોર



। દાહોદ, તા.૨૨ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ૧૫ મી નવેમ્બર 'જનજાતીય ગૌરવ દિવસ' થી આરંભરાયેલી રથયાત્રા સરકારની તમામ જન કલ્યાણકારી યોજનાઓ ઘર-ઘર સુધી પહોંચાડીને વંચિત લાભાર્થીઓને આવરી લેતી સો ટકા લક્ષ્યાંક હાસલ કરવાના નિર્ધાર સાથે આ યાત્રા દાહોદ જિલ્લાના ઊંડાણના ગામડા સુધી ઠેર-ઠેર ભ્રમણ કરી રહી છે. ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''નો જાગૃતિ સંદેશ અને લાભો ગ્રામીણ સુધી પહોંચાડી રહી છે.

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં અગારા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવી પહોંચતા ગ્રામજનોએ દ્વારા ઉષ્માભેર આવકાર કર્યો હતો. આ વેળાએ સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોરે જણાવ્યું કે આદિવાસી સમુદાયના શિક્ષણ, સ્વાસ્થ્ય, પોષણ અને રોજગાર ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. અંબાજીથી ઉમરગામ સુધી અંતરિયાળ આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરીને તેમના જીવનધોરણમાં પરિવર્તન લાવવા વિકસિત ભારતની આ સંકલ્પ યાત્રાની મહત્વની ભૂમિકા રહેશે. જે આદિવાસી સમુદાયના બાંધવોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. વિવિધ સરકારી લાભોથી આવરી લઈને વિકાસની મુખ્યધારામાં લાવવામાં આવશે.

આ યાત્રા દરમિયાન સરકારશ્રીએ આદિજાતિ વિસ્તારોમાં લાગુ કરેલી પ્રજાલક્ષી યોજનાઓ-કાર્યોની ઝાંખી દર્શાવતી શોર્ટફિલ્મ ગ્રામજનોએ રસપૂર્વક નિહાળી હતી. તેમજ ઉપસ્થિત સૌને વિકસિત ભારતના સંકલ્પના શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર, જિલ્લા પંચાયતના સભ્ય શ્રીઓ, તાલુકા પંચાયતના સભ્ય શ્રીઓ, અગારા ગામના સરપંચશ્રી, લાઈઝન અધિકારીશ્રી, આંગણવાડી કાર્યકર બહેનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. રૉમાન્સ માટે સારો દિવસ. છૂટક તથા જથ્થાબંધ વેપારીઓ માટે સારો દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે- એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. ઘરે તમને તમારા સંતાનો એવી પરિસ્થિતિ રજૂ કરશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આજે તમે જે કેટલાક ભૌતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે. આજે તમારૂં વલણ તમારા ધ્યેયો તમે સામાન્યપ ણે રાખો છો એના કરતાં ઊંચા રાખવા પ્રત્યેનું રહેશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્રષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. લાંબા-ગાળાના દૃષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. તમારી હિંમત પ્રેમ અપાવશે. કામના સ્થળે મામલો ઉકેલવા માટે તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા તમારી વગ વાપરવાની જરૂર છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જ્વળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો.

# અમેરિકાના વિમાનની છત હવામાં ઉડી ગઈ

। નવી દિલ્હી, તા.૨૨ ।

તમે ઘણી ચમત્કારિક વાતો સાંભળી હશે. જેમાં અનેક લોકોના જીવ બચી ગયા હોત. પરંતુ આ કહાની થોડી અલગ છે જેને વાંચ્યા પછી તમે વિશ્વાસ નહીં કરો. જરા કલ્પના કરો કે તમે ફ્લાઈટમાં મુસાફરી કરી રહ્યા છો અને વિમાનની વચ્ચે હવામાં કંઈક ખોટું થાય છે અથવા તમને આંચકો લાગવા લાગે છે કે પછી જો કટોકટીની પ રિસ્થિતિ ઊભી થાય તો તમે શું કરશો? તે સમયે તમારી સ્થિતિ વધુ ખરાબ થશે. હવે કલ્પના કરો કે તે ઈમર્જન્સી સ્થિતિમાં તમે ઓક્સિજન માસ્ક લેવા માટે તમારો હાથ ઊંચો કરો અને તમારી ઉપર વિમાનની છત નહીં પરંતુ ખુલ્લું આકાશ હોય તો? આવી જ ઘટના ખરેખર બની હતી. જેની સાબિતી આ તસવીરો આપી રહી છે. જાણે રોલર કોસ્ટરમાં બેઠા હોય તેવી હાલત આ પ્લેનની જોવા મળી રહી છે. અમેરિકાની અલોહા એરલાઈન્સની ફ્લાઈટ ૨૪૩ જેની છતનો ભાગ ગુમાવવા છતાં કેવી રીતે સુરક્ષિત રીતે ઉતરી તેની ચમત્કારિક કહાની ઉડ્ડયન ઈતિહાસની સૌથી અવિશ્વસનીય ઘટના છે, છતાં આઘાતજનક ક્ષણો પૈકીની એક છે. વોશિંગ્ટન પોસ્ટના રિપોર્ટ અનુસાર ૨૮ એપ્રિલ, ૧૯૮૮ના રોજ, ૮૯ મુસાફરો અને છ ક્રૂને લઈને જતા અલોહા એરલાઈન્સના જેટની છતનો મોટો ભાગ ફ્લાઈટની વચ્ચે તૂટી ગયો હતો. પછી જે બન્યું તે એકદમ ભયાનક હતું અને એક ક્ષણ જેણે ઉડ્ડયન ઉદ્યોગને હંમેશ માટે બદલી નાખ્યો હતો. ટ્વીન-એન્જિન, ૧૧૦-સીટનું બોઈંગ ૭૩૭-૨૦૦ જેટ ૪૦ મિનિટની ફ્લાઈટમાંથી અડધું હતું ત્યારે કેબિનનું દબાણ અચાનક ઘટી ગયું હતું. બોઈંગ ૭૩૭ની છત ફાટી ગઈ હતી અને તેના ફ્યુઝલેજનો મોટો હિસ્સો ફાટી ગયો હતો, જેના કારણે મુસાફરોને પેસિફિક મહાસાગર ઉપર ૨૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ ભારે પવનનો સામનો કરવો પડ્યો હતો. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે પ્લેન ટેક ઓફ કર્યું અને થોડી જ વારમાં ૨૪ હજાર ફૂટની ઊંચાઈએ પહોંચી ગયું. થોડા સમય પછી, અચાનક બધાને જોરદાર આંચકો લાગે છે. મુસાફરોએ હાશકારો લીધો ત્યાં તો વિમાનના અમુક ભાગ, જેને ફ્યુઝલેજ કહેવાય છે.

## ટ્વીન-એન્જિન, ૧૧૦-સીટનું બોઈંગ ૭૩૭-૨૦૦ જેટ ૪૦ મિનિટની ફ્લાઇટમાંથી અડધું હતું ત્યારે કેબિનનું દબાણ અચાનક ઘટી ગયું હતું




**આ ભાગ તૂટીને હવામાં ઉડી ગયો હતો. બાકીના ક્રૂ મેમ્બર્સ અને પેસેન્જરો ડરથી ચીસો પાડવા લાગ્યા અને તેમને ખાતરી થઈ ગઈ કે તેઓ બચશે નહીં. તે અકલ્પનીય લાગે છે, પરંતુ પાઇલટ કોઈક રીતે છત વગરના પ્લેનને ૨૪,૦૦૦ ફૂટ નીચે લાવ્યા અને એન્જિન બળી જવા સાથે લેન્ડ કર્યું. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર, કેપ્ટને પ્રથમ અધિકારી પાસેથી નિયંત્રણો લઈ લીધા હતા અને માયુ માટે ઈમર્જન્સી લેન્ડિંગની શરૂઆત કરી હતી, આ ઘટનાના બન્યાની તેર મિનિટ પછી સફળતાપૂર્વક ત્યાં લેન્ડ થયા હતા. ક્ષતિગ્રસ્ત વિમાનની નજીક આવતાં જ જમીન પર રહેલા ઈમરજન્સી કર્મચારીઓ આ ઘટના જોઈને વિશ્વાસ નહોતો થતો. ચમત્કારિક રીતે, વિમાનમાં સવાર અન્ય તમામ લોકો આ ઘટનામાં બચી ગયા. વિમાનમાં સવાર ૯૫ લોકોમાંથી એકનું મોત થયું હતું અને આઠ ગંભીર રીતે ઘાયલ થયા હતા. એકમાત્ર મૃત્યુ એર હોસ્ટેસનું થયું હતું, તે સમયે તમામ મુસાફરો બેલ્ટ પહેરીને બેઠા હતા. આ બનાવ પછી એર હોસ્ટેસનો મૃતદેહ ક્યારેય મળ્યો જ નહીં.**

### ભારતીયોને માઇક્રોસોફ્ટે આપી ભેટ

# હવે સ્થાનિક ભાષામાં બોલીને ટાઇપ કરો SMS અને Email

### આઉટલુક લાઇટ દ્વારા માઇક્રોસોફ્ટ આઉટલુકની તમામ મહત્વપૂર્ણ સુવિધાઓ નાની એપ્લિકેશનમાં પ્રદાન કરવામાં આવે છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

માઈક્રોસોફ્ટે આઉટલુક લાઈટમાં સ્થાનિક ભાષાને લગતી નવી સુવિધાઓ શરૂ કરી છે. આઉટલુક લાઈટ એ એક ઈમેઈલ અને SMS એપ્લિકેશન છે જે ખાસ કરીને ભારતીય યુઝર્સ માટે તૈયાર કરવામાં આવી છે. જે તેમને એક જ જગ્યાએ ઈમેઈલ અને SMS મેનેજ કરવાનો વિકલ્પ આપે છે. આઉટલુક લાઈટ દ્વારા માઈક્રોસોફ્ટ આઉટલુકની તમામ મહત્વપૂર્ણ સુવિધાઓ નાની એપ્લિકેશનમાં પ્રદાન કરવામાં આવે છે. આ કોઈપણ નેટવર્ક પરના નાના ડિવાઈસ પર ઝડપી કામગીરીની ખાતરી આપે છે. નાની એપ્લિકેશન હોવા ઉપરાંત આઉટલુક લાઈટને ઉભરતા બજારના યુઝર્સની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે. આ દિશામાં આગળ વધીને આઉટલુક લાઈટમાં બે નવા ફીચર્સ ઉમેરવામાં આવ્યા છે. હવે આઉટલુક લાઈટમાં યુઝર્સને સ્થાનિક ભારતીય ભાષાઓ અને SMS માટે પણ સપોર્ટ આપવામાં આવ્યો છે, જેના કારણે ભારતીય યુઝર્સ વધુ અસરકારક રીતે વાતચીત કરી શકશે. આઉટલુક લાઈટમાં સ્થાનિક ભાષાઓમાં વૉઈસ ટાઈપિંગ, ટ્રાન્સલિટરેશન અને ઈમેઈલ વાંચવા જેવી ઘણી સુવિધાઓ પ્રદાન કરવામાં આવી છે, જે તેને ભારતીય યુઝર્સની જરૂરિયાતો અનુસાર વધુ સમાવિષ્ટ અને અસરકારક બનાવે છે. આ ફીચર્સની મદદથી યુઝર્સ પોતાની પસંદની ભાષામાં ઈમેલ લખી અને વાંચી શકશે. તેમની પસંદગી મુજબ યુઝર્સ હિન્દીમાં બોલીને ઈમેલ લખવા માંગતા હોય, તમિલમાં ઈમેઈલ ટાઈપ કરવા ઈચ્છતા હોય તેને આપોઆપ અંગ્રેજીમાં કન્વર્ટ કરવા માંગતા હોય કે પછી ઈમેલ ગુજરાતીમાં વાંચવા માંગતા હોય તેમને આ તમામ



વિકલ્પો આઉટલુક લાઈટમાં સરળતાથી મળી જશે. હાલમાં પાંચ ભારતીય ભાષાઓ હિન્દી, તમિલ, તેલુગુ, મરાઠી અને ગુજરાતી સપોર્ટેડ છે. ટૂંક સમયમાં તેમાં વધુ ભાષાઓ ઉમેરવામાં આવશે. ભારતની ભાષાકીય વિવિધતાને ધ્યાનમાં રાખીને તેમાં વધુને વધુ ભાષાઓ અને બોલીઓનો ઉમેરો કરવામાં આવશે. આઉટલુક લાઈટ દ્વારા તેઓને મહત્વપૂર્ણ એપોઈન્ટમેન્ટ, ટ્રાવેલ બુકિંગ, બિલ પેમેન્ટ અને ગેસ બુકિંગ જેવા રિમાઈન્ડર્સ પણ મળશે. કામની ધમાલ વચ્ચે લોકો ઘણીવાર આ નાની પણ મહત્વની બાબતોને ભૂલી જાય છે. SMS માટે લેંગ્વેજ ટ્રાન્સલેશન સપોર્ટ ટૂંક સમયમાં Outlook Lite માં પણ ઉપલબ્ધ થશે. આની મદદથી યુઝર્સ તેમની મનપસંદ ભાષામાં મેસેજ વાંચી શકશે. તેમને એક જ ટેપથી ભાષા બદલવાનો વિકલ્પ મળશે. આ ખાસ કરીને એવા યુઝર્સ માટે ફાયદાકારક રહેશે.

### વિદેશી વર્કર્સ માટે પગારધોરણ વધશે

# UK કોઈ પણ ભોગે નેટ માઈગ્રેશન ઘટાડશે

। નવી દિલ્હી, તા.૨૨ ।

યુકે નેટ માઈગ્રેશન ઘટાડવા માટે કેટલાક એવા ફેરફાર કરશે જેનાથી સ્કીલ્ડ લોકોની અછત ન નડે. UKમાં વિદેશી વર્કર્સને લાવવા માટે મિનિમમ પગારનું જે ધોરણ છે તેને પણ વધારવામાં આવશે જેથી વિદેશી કામદારોને સારા વેતન મળી શકે. આના કારણે ભારત સહિતના જે લોકો UKમાં જોબ શોધી રહ્યા છે તેમને સ્કીલના આધારે ફાયદો થાય તેમ છે. હવેથી બ્રિટનમાં કોઈએ નોકરી માટે આવવું હશે તો તેનો પગાર ૩૦,૦૦૦ પાઉન્ડથી વધારે હોવો જરૂરી છે. આ સુધારા હાલમાં વિચારણા હેઠળ છે અને ચાલુ સપ્તાહમાં જ તેને લીલી ઝંડી મળી જવાની શક્યતા છે. UKમાંથી નેટ માઈગ્રેશન ઓછું કરવા વડાપ્રધાન રિશિ સુનકે નિર્ધાર કર્યો છે અને તેઓ તે મુજબ પોલિસીમાં સુધારા કરી રહ્યા છે. UKથી ઘણા લોકો બહાર જઈ રહ્યા છે, યુક્રેન યુદ્ધના કારણે આવતા લોકો પણ ઘટી રહ્યા છે. તેથી સ્કીલ્ડ લોકોની અછત ન સર્જાય તે જોવું જરૂરી છે. હાલમાં UKમાં જે જોબ માટે લોકોની અછત હોય તે જોબમાં બહારથી માણસો લાવવા હોય તો ઓછામાં ઓછા ૨૬,૦૦૦ પાઉન્ડનો પગાર આપવો પડે. પરંતુ હવે તેની લિમિટ વધારીને ૩૦,૦૦૦ પાઉન્ડ કરવામાં આવશે. હાલમાં UKમાં સરેરાશ વેતન ૩૩,૦૦૦ પાઉન્ડ છે. UKમાં સ્કીલ્ડ વર્કરની કેટેગરીમાં ફોરેનના લોકો આવે તે માટે લઘુતમ પગારનું ધોરણ વધારવામાં આવ્યું છે. જૂન ૨૦૨૩માં સમાપ્ત થયેલા વર્ષમાં UKમાં કેટલું માઈગ્રેશન થયું તેના આંકડા ટૂંક સમયમાં જાહેર થશે. એવો અંદાજ છે કે નેટ માઈગ્રેશનનો આંકડો ૫,૦૦,૦૦૦નો હશે. બ્રેક્ઝિટ અગાઉનો સમય ધ્યાનમાં લેવામાં આવે તો આ આંકડો મોટો કહેવાય. યુકેએ ૨૦૧૯માં જ નિર્ણય લીધો હતો કે ઓવરઓવર માઈગ્રેશનમાં ઘટાડો કરવો, પરંતુ હજુ સુધી એવું નથી થયું. એક્સપર્ટ માને છે કે UKમાં આવવા માટે લઘુતમ વેતનનું ધોરણ વધારીને ૩૦ હજાર પાઉન્ડ કરવામાં આવશે તો પ્રાઈવેટ બિઝનેસને મોટી અસર થવાની શક્યતા છે. અત્યારે સૌથી વધુ જરૂરિયાત હેલ્થકેરના વર્કર્સની છે. UKમાં ફુગાવો જે દરે વધ્યો છે તે હદે મિનિમમ પગારના લેવલમાં વધારો નથી કરાયો. તેથી અત્યારના ભાવ જોવામાં આવે તો ૩૦,૦૦૦ પાઉન્ડનો ઓછામાં ઓછો પગાર આપવો જરૂરી છે. UKમાં વિદેશી સ્ટુડન્ટ્સની સંખ્યા ઘટાડવા અને પોસ્ટ ગ્રેજ્યુએટ્સ પર પ્રતિબંધ મૂકવા વિચારણા કરવામાં આવી હતી પરંતુ વડાપ્રધાન રિશિ સુનક તેની સાથે સહમત નથી.

### સેનાના પૂર્વ કમાનના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલનો દાવો

# દળોના લૂંટાયેલા ૪૦૦૦ હથિયાર પરત ન આવે ત્યાં સુધી હિંસા ચાલુ રહેશે

### સરકારનો પ્રયાસ હિંસા રોકવી અને સંઘર્ષના બંને પક્ષોને રાજકીય સમસ્યાના શાંતિપૂર્ણ ઉકેલ માટે પ્રેરિત કરવાનો છે




। ગુવાહાટી, તા.૨૨ ।

મણિપુરમાં જાતીય સંઘર્ષને 'રાજનીતિક સમસ્યા' ગણાવતા સેનાના પૂર્વ કમાનના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ કલિતા રાણા પ્રતાપ કલિતાએ ગઈ કાલે કહ્યું હતું કે, જ્યાં સુધી સુરક્ષાદળો પાસેથી લૂંટી લેવામાં આવેલા લગભગ ૪,૦૦૦ હથિયાર સામાન્ય લોકો પરત લઈ ના લેવાય ત્યાં સુધી હિંસાની ઘટના ચાલુ રહેશે. પૂર્વ કમાનના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફએ એમ પણ કહ્યું હતું કે, ભારત મિઝોરમ અને મણિપુરમાં સામાન્ય ગ્રામીણો, સૈન્ય અથવા પોલીસ સહિત મ્યાનમારમાંથી શરણ લેનારા કોઈ પણ વ્યક્તિને આશ્રય આપી રહ્યું છે પરંતુ માદક પદાર્થોના તસ્કરોના ઉગ્રવાદી સમૂહોના સશસ્ત્ર કેડરોને નહીં. કલિતાએ ગુવાહાટી પ્રેસ ક્લબમાં માડિયા સાથે વાતચીતમાં કહ્યું કે, અમારો પ્રયાસ હિંસા રોકવી અને સંઘર્ષના બંને પક્ષોને રાજકીય સમસ્યાના શાંતિપૂર્ણ ઉકેલ માટે પ્રેરિત કરવાનો છે. કારણ કે અંતે તો સમસ્યાનું રાજકીય સમાધાન જ થવાનું છે. તેમણે કહ્યું કે, જ્યાં સુધી જમીનની સ્થિતિનો સવાલ છે તો ભારતીય સેનાનો ઉદ્દેશ્ય શરૂઆતમાં પોતાના ઘરોમાંથી વિસ્થાપિત થયેલા લોકો માટે બચાવ અને રાહત અભિયાન ચલાવવાનો હતો. કલિતાએ કહ્યું કે, ત્યારબાદ અમે હિંસાને રોકવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ જેમાં અમને ઘણી હદ સુધી સફળતા મળી છે. પરંતુ બે સમુદાયો મેતેઈ અને કૂકી વચ્ચે ધ્રુવીકરણને કારણે કેટલીક જગ્યાએ ઘટના ઘટી રહી છે.

સંઘર્ષ શરૂ થયાના સાડા છ મહિનાથી વધુ સમય બાદ પણ મણિપુરમાં શા માટે સામાન્ય સ્થિતિ પાછી નથી આવી તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, રાજ્યમાં રહેતા ત્રણ સમુદાયો - મેતેઈ, કુકી અને નાગા વચ્ચે કેટલીક વિરાસત સબંધિત મુદ્દા છે. લેફ્ટનન્ટ જનરલે કહ્યું કે આ અગાઉ ૧૯૯૦ના દાયકામાં કુકી અને નાગાઓ વચ્ચે સંઘર્ષ થયો હતો જેમાં લગભગ ૧,૦૦૦ લોકો માર્યા ગયા હતા. કલિતાએ કહ્યું કે, ભારત-મ્યાનમાર સરહદના માધ્યમથી માદક પદાર્થોની સાથે-સાથે હથિયારોની તસ્કરી પણ બંધ થઈ ગઈ છે. જોકે કેટલીક છૂટી છવાઈઘટનાઓ બની શકે છે. તેમણે ભાર આપતા કહ્યું કે, પરંતુ ૪,૦૦૦ શસ્ત્રો પહેલેથી જ ખુલ્લામાં છે.

## વિશેષ લેખ

### દરરોજ અંદાજે ૨.૫ કરોડ ઉલ્કાઓ અને અન્ય અવકાશી કચરો પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે

# ઉલ્કા વર્ષા : નવેમ્બરમા રાત્રી આકાશમા ઝળહળતી અનોખી આતશબાજીનો અદ્દ્ભુત નજારો



**સાંપ્રત પ્રવાહો**

**લેખક : દીપક જગતાપ**

આજકાલ ઓક્ટોબર નવેમ્બર મા રાત્રિના અંધકારમા આકાશમા ઉલ્કાઓ પ્રુથ્વિના વાતવરણમા પ્રકાશના તેજસ્વી લિસોટા જોવાનો લ્હાવો અદભૂત હોય છે. ઉલ્કા એ સૌરમંડળમાં વેરાયેલા રેતકણ જેવડાં નાના કદથી લઈ અને વિશાળ મોટા પથ્થરનાં કદનાં ભંગારનાં કણો છે. આ પ્રકારનાં નાના મોટા પદાર્થો જ્યારે પૃથ્વીનાં ગુરૂત્વાકર્ષણને કારણે ખેંચાઈ આવે છે, ત્યારે તે વાતાવરણનાં ઘર્ષણને કારણે પોતાનાં પતન માર્ગનો પ્રકાશીત પથ દર્શાવે છે, જેને સામાન્ય ભાષામાં આપણે ''ખરતો તારો'' કે ''ઉલ્કાપાત'' કહીએ છીએ. આ પદાર્થ (mªeoroid) ક્યારેક વાતાવરણમાં સંપુર્ણ ભસ્મીભુત ન થતાં જમીન સુધી પહોંચી આવે છે, જેને પણ 'ઉલ્કા' (mªeorite) કહેવાય છે.

**વાતાવરણમાં પ્રવેશતી ઉલ્કાઓ**

દરરોજ અંદાજે ૨.૫ કરોડ ઉલ્કાઓ નાની ઉલ્કા અને અન્ય અવકાશી કચરો પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરે છે, જેના પરિણામે દર વર્ષે અંદાજે ૧૫,૦૦૦ ટન પદાર્થ વાતાવરણમાં પ્રવેશ કરે છે.

**ઉલ્કાપાત એટલે શું?**

અવકાશમાં અનેક ખગોળીય પદાર્થ ભ્રમણ કરતા હોય છે.આમાનો કોઈ પદાર્થ પૃથ્વીની કક્ષામાં પ્રવેશતાં હવાના ઘર્ષણ થીજ સળગી ઊઠે છે.બહુ જૂજ ઉલ્કા ખડક સ્વરૂપે પૃથ્વી પર પડે છે. તેનું કદ નાનું-મોટું હોઈ શકે.

**ઉલ્કાપાત ક્યારે દેખાય છે ?**

વર્ષ દરમિયાન એપ્રિલ, મે, જૂન, ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર માસમાં સામાન્ય રીતે ઉલ્કાવર્ષા જોવા મળે છે.જેમાડિસેમ્બર માસમાં થતો ઉલ્કાપાત શ્રેષ્ઠ હોય છે.આ ઉલ્કાપાતને થિ઼ેહૈઙ્ઘ સીંિ જીરીકિહેવાય છે.જેમાં બહુ મોટા પ્રમાણમાં ઉલ્કા પૃથ્વીની કક્ષામાં પ્રવેશે છે, જે ઉલ્કાપાત સ્વરૂપે જોવા મળે છે. પૃથ્વી અને ઉલ્કાની કક્ષા નિશ્ચિત છે, એટલે ચોક્કસ સમય અને ચોક્કસ ગાળા માટે જ ઉલ્કાપાત જોવા મળે છે.

અવકાશમાં ભાતભાતનાં તારામંડળ છે.જે તારામંડળમાંથી ઉલ્કાપાત થાય, તે તારામંડળને તે ઉલ્કાપાતનું ઉદ્‌ગમસ્થાન ગણવામાં આવે છે.૩૦ મેથી ૧૪ જૂન દરમિયાન થતો ઉલ્કાપાત મેષ રાશીમાંથી થાય છે.

૧૬થી ૨૬ એપ્રિલના ગાળામાં 'સ્વરમંડળ' તારામંડળમાં ઉલ્કાપાત થાય છે.આ પૈકી ૨૧થી ૨૨ એપ્રિલે થતાં ઉલ્કાપાતનું પ્રમાણ વધારે હોય છે.'યયાતિ' તારામંડળમાં દર વર્ષે ૧થી ૨૦ ઑગસ્ટ દરમિયાન ઉલ્કાપાત થાય છે, એમાં પણ ૧૨ ઑગસ્ટે વધારે પ્રમાણમાં ઉલ્કાપાત થાય છે.૧૧ નવેમ્બરથી ૨૦ નવેમ્બર દરમિયાન સિંહ રાશીમાં ઉકાપાત થાય છે, ૧૭ નવેમ્બરે ઉલ્કાપાત સૌથી વધારે પ્રમાણમાં જોવા મળે છે.૨૪થી ૨૭ નવેમ્બર દરમિયાન દેવયાની તારામંડળમાં ઉલ્કાપાત થાય છે.૯થી ૧૪ ડિસેમ્બર દરમિયાન થતા ઉલ્કાપાત પૈકી ૧૩ ડિસેમ્બરે સૌથી વધારે પ્રમાણ જોવા મળે છે. સ્વચ્છ આકાશમાં કલાકના ૫૦ થી ૧૦૦ વધુ ઉલ્કા પડતી જોવા મળે ત્યારે આકાશમાં રીતસર ઉલ્કાનો વરસાદ નિહાળવા



સાથે દિવાળીના ફટાકડાની આતશબાજીનો રોમાંચ માણવા મળે છે ડ્રેકોનીકસ ઉલ્કા વર્ષા વર્ષ દરમ્યાન ૧૦થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કા વષોએ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પદાર્થ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાયછે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. દિવાળીના ફટાકડાની જેમ ઉલ્કાની રોમાંચક આતશબાજી ડ્રેકોનિક્સ ઉલ્કા વર્ષા નિહાળવાનો શ્રેષ્ઠ સમય રાત્રિના ૧ વાગ્યાથી પરોઢ સુધી હોય છે. આ નજારો નરી આંખે જોઈ શકાય છે. આવા સમયે તેમનો મહત્તમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમા રહેલા વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્ન સ્વિરૂપે આકાશમાં જોવા મળે છે. તેને પ્રકાશમાં ફાયરબોલ, કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસે સૂર્ય પ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. ડ્રેકોનીકસ ઉલ્કા વર્ષા દુનિયાના અમુક ભાગોમાં ૫૦૦થી વધુ પડી ઉલ્કાનો વરસાદ પડશે. જોનારા દિગ્મુઢ બની જશે. ઉલ્કા વર્ષાની દિશા નિશ્ચિત નથી. કુદરતી ઘટના હોય,સમય, દિવસનો સામાન્ય ફેરફાર જોવા મળે છે. અવકાશી ઘટનામાં ધીરજનો ગુણ અતિ જરૂરી છે. કયારેક નિરાશા પણ સાંપડે છે. જીંદગીમાં એકવાર ઉલ્કા ખરતી જોવી તે લ્હાવો છે. કાયમી સંભારણું બની જાય

વિજ્ઞાની જીઓફ્રી ઈવાટ કહે છે કે જો તમે ખરેખર ઉલ્કાથી આવતા અગનગોળા જોવા માંગતા હો, તો તમારે વિષુવવૃત્તની આજુબાજુના વિસ્તારોમાં રાત પસાર કરવી પડશે, વિશ્વમાં વિષુવવૃત્ત પર સૌથી વધું ઉલ્કાવર્ષ થાય છે. જે નજરે જોવી એ એક પ્રકારનો રોમાંચ છે. અહીં તેમની ગતિ તિવ્ર અને સંખ્યા પણ વધારે છે. તેથી સરળતાથી જોઈ શકાય છે.

નોર્વે જેવા વિસ્તારોમાં પણ તમને ખુલ્લી આંખોથી ઉલ્કાઓની નજર જોવા મળશે. તે જ સમયે, તમને ત્યાં ઉત્તરી લાઈટ્સનો સુંદર દશ્ય પણ જોવા મળશે. દર વર્ષે ૧૭ હજારથી વધુ ઉલ્કા પૃથ્વી પર ટકરાતી હોય છે. આમાંની મોટાભાગની ઉલ્કાઓ વિષુવવૃત્ત નજીકના વિસ્તારોમાં પડે છે. આ વાત એક વિજ્ઞાની દ્વારા ત્યારે બહાર આવી હતી જ્યારે તે એન્ટાર્કટિકામાં સંશોધન માટે ગયા હતા. તેને એન્ટાર્કટિકામાંઉલ્કાના ટુકડા મળ્યા હતા.

વિશ્વની સૌથી વિશાળ ઉલ્કા ૧૯૨૦ના વર્ષમાં આફ્રિકાના નામીબિયા દેશમાં જોવા મળી હતી. તેનું વજન ૫૫, ૦૦૦ કિલોગ્રામ હતું. આપણું આ બ્રહ્માંડ રેતકણ જેવડાં નાનકડા કદથી માંડીને વિશાળ ખડકોના અબજો ટુકડાઓથી ભરપૂર છે. આ બધા ટુકડાઓ બ્રહ્માંડમાં એટલે કે આકાશમાં ભ્રમણ કર્યા કરે છે. આ નાના-મોટા પદાર્થો કે ટુકડાઓ ઘણી વાર પૃથ્વીના ગુરુત્વાકર્ષણબળને કારણે પૃથ્વી તરફ ખેંચાય છે. પૃથ્વીના વાતાવરણમાં આ ટુકડા પ્રવેશે છે ત્યારે એ ઘર્ષણને કારણે તે સળગી ઊઠે છે અને ચમકવા લાગે છે. સામાન્ય ભાષામાં આપણે તેને 'ખરતો તારો' કે 'ઉલ્કાપાત' કહીએ છીએ. ખૂબ ટૂંકા સમયગાળામાં વાતાવરણમાં એકસાથે હજારો ઉલ્કા પ્રવેશે છે. આને કારણે ઉલ્કાપાત થાય છે. આ પદાર્થ વાતાવરણમાં સંપૂર્ણ રાખ નથી થતો પણ જમીન પર પડે છે. એને જ આપણે ઉલ્કા તરીકે ઓળખીએ છીએ. મોટા ભાગની ઉલ્કા તો પૃથ્વીની સપાટી પર પહોંચે તે પહેલાં વાતાવરણમાં બળીને રાખ થઈ જાય છે. કેટલીક જ ઉલ્કા પૃથ્વીની સપાટી પર અથડાય છે. ઉલ્કાની ગતિ સરેરાશ ઉલ્કા પૃથ્વીના વાતાવરણમાં સેકન્ડના ૫૦ કિલોમીટરની ઝડપે પ્રવેશે છે. વાતાવરણમાં પ્રવેશ્યા પછી તેની ગતિ ઓછી થઈ જાય છે.

**સરકાર દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો** રાજ્યમાં ૩૭ મેડિકલ કોલેજો તથા અન્ય ૧૪ સ્થળો પર ૨૫૦૦થી વધુ ડોક્ટરો અને તબીબી વ્યવસાયિકો સંપૂર્ણ સૈદ્ધાંતિક અને પ્રેક્ટિકલ તાલીમ આપશે

# રાજ્યની પ્રાથમિક શાળાના ૨ લાખથી વધુ શિક્ષકોને CPR તાલીમ અપાશે

। અમદાવાદ,તા.૨૨ ।

રાજ્ય સરકાર, ભાજપાના ડૉક્ટર સેલ તથા ઈન્ડીયન સોસાયટી ઓફ એનેસ્થેસિયોલોજીસ્ટ-ગુજરાત ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે એક ખાસ તાલીમ યોજાશે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે આજે શિક્ષણ મંત્રીની અધ્યક્ષતામાં તબીબી એસોસિયેશન અને વિવિધ શિક્ષણ સંઘો વચ્ચે બેઠક યોજાઈ હતી. આ દરમ્યાન શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે જણાવ્યું છે કે, શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની સલામતીને ધ્યાને રાખી રાજ્યની તમામ સરકારી તથા અનુદાનિત પ્રાથમિક શાળાઓના ૨ લાખથી વધુ શિક્ષકોને કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-ઝ્રઁઇ તાલીમ આપવામાં આવશે. આ એક દિવસીય તાલીમ બે તબક્કામાં યોજાશે. તા. ૩ જી ડિસેમ્બર અને તા ૧૭ મી ડિસેમ્બર૨૦૨૩ ના રોજ રવિવારના દિવસે આ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતેથી CPR તાલીમનો શુભારંભ કરાવશે.વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે આજે શિક્ષણ મંત્રીની અધ્યક્ષતામાં તબીબી એસોસિયેશન અને વિવિધ શિક્ષણ સંઘો વચ્ચે બેઠક યોજાઈ હતી જેમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ જોડાયા હતા.મંત્રી કુબેરભાઈ ડિંડોરે આ કાર્યક્રમની વિગતો આપતા કહ્યું કે, ઝ્રઁઇ વિષે રાજ્યના નાગરિકોમાં વધુમાં વધુ જાણકારી થાય એ આશયથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ એક ખાસ મુહિમ હાથ ધરવાનું આયોજન કરાયું છે. અગાઉ રાજ્યની પોલીસને આ તાલીમ આપવામાં આવી હતી, હવે શાળા કક્ષાએ વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાને લઈ શિક્ષકોને આ તાલીમ આપવાનું આયોજન કરાયું છે. ત્યાર બાદ માધ્યમિક શાળાના શિક્ષકો અને કોલેજના પ્રાધ્યાપકને પણ તબક્કાવાર તાલીમ આપવાનું આયોજન છે.

તેમણે ઉમેર્યું કે, કોરોનાકાળ પછી હાર્ટ અટેકથી નાની વયે મૃત્યુ થવાનો દર વધ્યો છે ત્યારે મહામૂલી જીંદગી બચાવવામાં રાજયના શિક્ષકો પણ મદદરૂપ બને તે આશયથી આ તાલીમ આપવાનું નક્કી કરાયું છે. સામાન્ય રીતે હૃદયનો હૂમલો આવવાથી ૧૦૮ને ત્વરીત બોલાવતા ૦૫ થી ૧૦ મીનીટનો સમય જતો હોય છે. તે ૦૫ થી ૧૦ મીનીટ દરમિયાન મગજ સુધી લોહીના પહોંચે તો દર્દીનું મૃત્યુ થતુ હોય છે આવુ ન થવા દેવા માટે આ CPR ટ્રેનીંગ અત્યંત મહત્વની છે.મંત્રી એ ઉમેર્યું કે, આ એક દિવસીય કાર્ડિયોપ લ્મોનરી રિસુસિટેશન (CPR) તાલીમ ડૉક્ટર સેલ ટીમ અન ISA ગુજરાત ચેપ્ટરના સહયોગથી યોજાશે. જેમાં ૨ લાખથી વધારે શિક્ષકોને આ ઝ્રઁઇ ટ્રેનીંગ આપવામાં આવશે. જેમાં ગુજરાતની ૩૭ મેડિકલ કોલેજો અને અન્ય ૧૪ સ્થળો પર ૨૫૦૦ થી વધુ ડૉક્ટરો અને તબીબી વ્યાવસાયિકો દ્વારા આ ટ્રેનીંગ સંપૂર્ણ સૈદ્ધાંતિક અને પ્રેક્ટિકલ રીતે અપાશે.





**રાજકોટ, ધોરાજી બાદ સુરતમાંથી પણ ગાંજાનો જથ્થો ઝડપાયો**

## સુરત શહેર ખાતે ઓલપાડમાંથી ઝડપાયો ૭૮૭ કિલો ગાંજાનો જથ્થો

### પોલીસે ટ્રક, મોબાઈલ, ૭૮ લાખ રૂપિયાનો ગાંજાના જથ્થો સહિત ૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો



। સુરત,તા.૨૨ ।

રાજકોટ, ધોરાજી બાદ સુરતમાંથી પણ ગાંજાનો જથ્થો ઝડપાયો હતો. મળતી જાણકારી અનુસાર, રાજકોટના માલિયાસણ નજીકથી ૧.૪ કિલોના ગાંજા સાથે હરેશ ગોસાઈ નામના શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. ટુ વ્હીલર ઉપર ગાંજાના જથ્થાની હેરાફેરી કરતો હોવાનું અને ચોટીલા પંથકમાંથી ગાંજો લાવતો હોવાનું ખૂલ્યું હતું

બીજી તરફ સુરતમાં ઓલપાડના સાયણ એવરવિલામાંથી ગાંજો ઝડપાયો હતો. SOG પોલીસે રેડ કરી ૭૮૭.૨૨૬ કિલો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો અને પોલીસે ટ્રક ચાલક સહિત સંડોવાયેલા ૩ આરોપીને વૉન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે ટ્રક, મોબાઈલ, ૭૮ લાખ રૂપિયાનો ગાંજાના જથ્થો સહિત ૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ગઈકાલે રાજકોટમાં ધોરાજીના સુપેડી ગામેથી ગાંજાના છોડનું વાવેતર ઝડપાયું હતું. દુદાભાઈ સગારકા નામના શખ્સે ગાંજાના છોડનું વાવેતર કર્યુ હતું. તો તાપીમાં ડોલવણ તાલુકાના ધાંગધર ગામે રેડ કરી આરોપીના ઘરની પાછળ આવેલ ખેતરમાંથી ગાંજાના ચાર છોડ ઝડપી લીધા હતા અને એક આરોપીને કુલ ૭૩ હજારના મુદ્દામાલ સાથે ઝડપી અન્ય બે આરોપીને વૉન્ટેડ જાહેર કર્યા હતા.નોંધનીય છે કે ગયા મહિને પણ બનાસકાંઠામાંથી એક કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લા કાકરેજના વડા ગામે જીય્એ મોટી કાર્યવાહી કરતા ૧ કરોડનો ગાંજો ઝડપી પાડ્યો હતો. અહી ત્રણ વિઘા જમીનમાં એરંડાના પાકન આડમાં અંદાજિત ૧ કરોડની કિંમત જેટલા ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ જીય્એ અંદાજીત લાખોનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. બીજી તરફ ૧૭ ઓકટોબરે ફરી એકવાર કચ્છ જિલ્લામાંથી મોટી માત્રમાં ડ્રગ્સનો જથ્થો મળી આવતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. કચ્છના ગાંધીધામમાંથી ૮૦૦ કરોડનું કૉકેઈન ડ્રગ્સ બિનવારસી હાલતમાં મળી આવ્યુ હતું , આ પછી પોલીસે ત્રણ શખ્સોને રાઉન્ડ અપ કર્યા છે અને તેમની પૂછપરછ કરવામાં આવી હતી.

**સુરત મહાનગરપાલિકાની બેદરકારી**

## સુરતનાં પુણામા સ્પીડબ્રેકરના સફેદ પટ્ટા ન હોવાથી અકસ્માત સર્જાયો

### પુણા રેશમા સર્કલ પાસે રોડ પર સ્પીડબ્રેકર તો છે પણ તેના પર સફેદ પટ્ટા ન હોવાથી અકસ્માતની ઘટનાનો અવાર-નવાર બને છે





। સુરત,તા.૨૨ ।

રાજ્યમાં તંત્રના પાપે અનેક વાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે. આ તરફ સુરતમાં પણ મહાનગરપ ાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. વિગતો મુજબ સુરતના પુણા રેશમા સર્કલ પાસે રોડ પર સ્પીડબ્રેકર તો છે પણ તેના પર સફેદ પટ્ટા ન હોવાથી અકસ્માતની ઘટનાનો અવાર-નવાર બને છે.

આ દરમિયાન ગઈકાલે જ એક યુવક બાઈક લઈ ત્યાંથી પસાર થતો હતો ત્યારે સ્પીડબ્રેકર ન દેખાતા બાઈક સ્લીપ થયું હતું. આ સિવાય અગાઉ પણ અહીં અનેકવાર અકસ્માત થયા હોઈ અનેકવાર રજૂઆત કરવામાં આવી છતાં મનપાના પેટનું પાણી હલતું નથી. સુરત મહાનગરપાલિકાની એક ગંભીર બેદરકારી ક્યારેક કોઈકની જીવ લઈ લે તો નવાઈ નહીં. વાત જાણે એમ છે કે, સુરતના પુણા રેશમા સર્કલ પાસે રોડ પર સ્પીડબ્રેકર તો છે પણ તેના પર સફેદ પટ્ટા નથી.

જેને કારણે રાત્રિના સમયે અહીંથી પસાર થતાં વાહનચાલકોને ખબર જ નથી પડતી કે અહીં સ્પીડબ્રેકર છે કે નહીં એમ, અને તેને કારણે જ અહીં અવાર-નવાર અકસ્માત સર્જાય છે. આ તરફ ગઈકાલે જ સ્પીડબ્રેકરના કારણે રાત્રે બાઈકચાલકો પટકાયા હોવાનો વિડીયો પણ સામે આવ્યો છે. અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી નહીં થતાં હવે લોકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

**સાબરકાંઠામાં તસ્કરોનો ત્રાસ વધ્યો**

## હિંમતનગરના શોરૂમના ગોડાઉનમાંથી ત્રણ નવી નક્કોર કારની ચોરી થઇ

### નવી કાર ચોરી થવાને પગલે કાર શો રુમના માલિકે હિંમતનગર શહેરના એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે



। સાબરકાંઠા,તા.૨૨ ।

સાબરકાંઠા જિલ્લામાં તસ્કરોને જાણે કે ખુલ્લુ મેદાન મળ્યુ હોય એમ રોજ બરોજ ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે. ખાસ કરીને વાહનચોરીની ઘટનાઓ હવે સામાન્ય બની ગઈ હોય એવી સ્થિતિ છે. ઠંડીના ચમકારા સાથે રહેણાંક વિસ્તારોમાં પણ તસ્કરોના આંટાફેરા વધતા લોકોમાં ફફડાટ વધતો જઈ રહ્યો છે.

હિંમતનગર શહેરના પીપલોદી પાટીયા પાસે આવેલા મારુતિના શો રુમના સંચાલક દ્વારા ત્રણ કાર ચોરીની ફરિયાદ નોંધાવી છે. સંચાલક સુનિલ હિવાલે દ્વારા એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે મુજબ, તેઓને મંગળવારે સ્પષ્ટ થયુ કે તેમના શો રુમના ગોડાઉનમાંથી કારની ચોરી થઈ છે. આ મામલે સ્ટોક કરેલ કારની તપાસ કરતા ત્રણ કાર ચોરી થઈ હોવાનુ સામે આવતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. સંચાલકે બતાવ્યુ હતુ કે, સોમવારે અને મંગળવારે સ્ટોકની ગણતરી કરી હતી. જેમાં ત્રણ કાર નહીં મળતા પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. જેમાં કોઈ તસ્કરો દ્વારા ટ્રૂ વેલ્યુ શો રુમ પાસે રહેલ ખુલ્લા ગોડાઉનમાંથી તસ્કરો દ્વારા કારને કોઈ પણ રીતે ચાલુ કરીને ચોરી કરવામાં આવી હતી. તસ્કરોએ ઉઠાવેલી ત્રણેય કાર સીએનજી આધારીત હતી. એટલે કે સીએનજી કારની ચોરી તસ્કરોએ કરી હતી અને જેની હાલમાં બજારમાં માંગ ખૂબ જ છે. તસ્કરોએ વ્હાઈટ બ્રિઝા LXI કારની ચોરી કરી હતી. જેની કિંમત ૯.૨૪ લાખ રુપિયા છે. જ્યારે એક ગ્રે રંગની મારુતિ સ્વિફ્ટ VXI સીએનજી કારની ચોરી કરવામાં આવી હતી. જેની કિંમત ૭.૮૫ લાખ રુપિયા છે. જ્યારે ત્રીજી કાર મારુતિ બલેનો ઝેટા સીએનજી કારની ચોરી થઈ હતી. જેની કિંમત ૯.૨૮ લાખ રુપિયાની હોવાનુ સામે આવ્યુ છે. આ ત્રણેય કારની ચોરી ૬ નવેમ્બરથી ૨૦ નવેમ્બર દરમિયાન કરવામાં આવી હતી.

ઘટનાને પગલે હિંમતનગરના એ ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા ગુનો નોંધીને તપાસ શરુ કરવામાં આવી છે. પોલીસે સીસીટીવી આધારે તપાસ શરુ કરી છે અને તસ્કરો સુધી પહોંચવા માટેની કડીઓ મેળવવાની શરુ કરાઈ છે.

**લોકોની ભીડ થતા વહેલી શરૂ કરાઈ પરિક્રમા**

## લીલી પરિક્રમાના આજથી શ્રી ગણેશ : એક દિવસ પહેલા પરિક્રમાની શરૂઆત

### આ વર્ષે પણ તંત્ર એ દિવસ રાત એક કરી પરિક્રમાની તમામ સુવિધાઓ પૂરી પાડવા પ્રયત્ન કર્યા છે

। જૂનાગઢ,તા.૨૨ ।

જૂનાગઢમાં લીલી પરિક્રમાની શરૂઆત થઈ ચૂકી છે. વાત જાણે એમ છે કે, આ વર્ષે ૧ દિવસ પહેલા પરિક્રમાની શરૂઆત કરવામાં આવી છે. વિગતો મુજબ લોકોની ભીડને ધ્યાનમાં રાખી પરિક્રમા વહેલી શરૂ કરાઈ છે. આ તરફ પરિક્રમામાં મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટી પડી છે. ગુજરાત ભરમાંથી યાત્રાળુઓ પરિક્રમા રૂટ પર રવાના થયા છે. આ તરફ તંત્ર દ્વારા પણ તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. ગિરનારની પરિક્રમા કાર્તિકી અગિયારસે શરૂ થવાની છે ત્યારે વહીવટી તંત્ર, મહાનગપાલિકા તેમજ વન વિભાગ દ્વારા સંપૂર્ણ તૈયારી કરવામાં આવી છે. લાખો લોકો અત્યારથી જ ભવનાથ તળેટીમાં એકઠા થઈ પરિક્રમા ગેટ ક્યારે ખૂલે તેની રાહ જોઈ રહ્યા છે. જૂનાગઢના ૩૩ કોટી દેવતાઓના વાસ ધરાવતા ગઢ ગિરનારની લીલી પરિક્રમા દર વરસે યોજાય છે જેમાં ૧૦થી ૧૫ લાખ યાત્રાળુઓ આવે છે અને ગાઢ જંગલોમાં ચાર દિવસ પગપ ાળા પ્રવાસ કરી પરિક્રમા કરી પુણ્યનું ભાથું ભરે છે. આ માટે વહીવટી તંત્ર દ્વારા પીવાના પાણી, લાઈટ, ચાલવા લાયક રસ્તા સ્વચ્છતા જાળવવા નોટિસ બોર્ડ અને કચરાપેટીઓની સગવડ, પાણીના પરબ, મેડીકલની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

**૧૧ જગ્યા માટે ૩ હજારથી વધુ મહિલાઓએ કરી અરજી**

## સુરેન્દ્રનગરમાં આંગણવાડી કાર્યકરની ભરતી માટે લાંબી કતારો જોવા મળી

### મામલતદાર કચેરીમાં ૨ સિસ્ટમ પૈકી માત્ર એક જ સિસ્ટમ ચાલુ છે જેથી કલાકો સુધી મહિલાઓને લાઈનોમાં ઉભું રહેવું પડે છે

। સુરેન્દ્રનગર,તા.૨૨ ।

સુરેન્દ્રનગરમાં આંગણવાડી કાર્યકરની ભરતી માટે લાંબી કતારો લાગી છે. આંગણવાડી વર્કરની ૧૧ જગ્યા માટે ભરતીની જાહેરાત થઈ છે. જો કે, ૧૧ જગ્યા માટે ૩ હજારથી વધુ મહિલાઓએ અત્યાર સુધી અરજી કરી છે મામલતદાર કચેરીમાં ૨ સિસ્ટમ પૈકી માત્ર એક જ સિસ્ટમ ચાલુ છે. જેથી કલાકો સુધી મહિલાઓને લાઈનોમાં ઉભું રહેવું પડે છે. એક તરફ ભરતી માટે આંદોલન થઈ રહ્યા છે. તો બીજી તરફ ભરતી માટે કલાકોની કતારોમાં ઉમેદવારો ઉભા છે. સુરેન્દ્રનગરમાં આંગણવાડી કાર્યકરની ભરતી માટે લાંબી કતારો લાગી છે. આંગણવાડી વર્કરની ૧૧ જગ્યા માટે ભરતીની જાહેરાત થઈ છે. જો કે, ૧૧ જગ્યા માટે ૩ હજારથી વધુ મહિલાઓએ અત્યાર સુધી અરજી કરી છે અને જરૂરી ડોક્યૂમેન્ટ મેળવવા મામલતદાર કચેરી બહાર મહિલાઓની લાંબી કતારો લાગી છે. મામલતદાર કચેરીમાં ૨ સિસ્ટમ પૈકી માત્ર એક જ સિસ્ટમ ચાલુ છે. જેથી કલાકો સુધી મહિલાઓને લાઈનોમાં ઉભું રહેવું પડે છે. વળી રહેણાંકનો દાખલો કઢાવવા માટે ૩ દિવસનું મામલતદાર ઓફિસમાં વેઈટિંગ છે. ત્યારે તાત્કાલિક બંધ પડેલી સિસ્ટમ શરૂ કરવાની માગ ઉઠી છે.

## ટીઆરબી જવાનોને છુટા કરવાનો સરકારનો નિર્ણય

। અમદાવાદ,તા.૨૨ ।

અમદાવાદમાં ટ્રાફિક જવાનો હડતાળ પર. કલેક્ટર ઓફિસ બહાર ટ્રાફિક જવાનોએ સુત્રોચ્ચાર કર્યા. દસ વર્ષ નોકરી પર રહી ચૂકેલા જવાનોને છુટા કરવાના નિર્ણય સામે વિરોધ.... પોતાની જુદી જુદી માગને લઈ રજૂઆત.

૧૮મી નવેમ્બરના રોજ રાજ્ય સરકાર દ્વારા કુલ ૯૦૦૦ પૈકી આશરે ૬૩૦૦ ટીઆરબી જવાનોને નોકરીમાંથી છુટ્ટા કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જેના કારણે સમગ્ર રાજ્યમાં ઠેરઠેર ટીઆરબી જવાનોમાં રોષ ફાટી નીકળ્યો છે. આજે ગુજરાતભરમાં ટીઆરબી જવાનો લડી લેવાના મૂડમાં દેખાયા છે. વિદ્યાસહાયકો બાદ હવે આજે ટીઆરબી જવાનોએ સરકાર સામે મોરચો માંડ્યો છે. ગુજરાતના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો કરાયા છે. સાથે જ સરકારને પત્ર લખીને આ પરિપત્ર રદ કરવાની માંગણી કરાઈ છે. રાજ્યમાં રહેલા કુલ ૯૦૦૦ TRB જવાનોમાંથી ૧૧૦૦ જવાનોનાં ૧૦ વર્ષ પૂરાં થઈ ગયાં હોવાથી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ના રોજ છૂટા કરી દેવામાં આવશે. જ્યારે ૩૦૦૦ જવાનોને પાંચ વર્ષથી વધુ સમય થઈ ગયો હોવાથી તેમને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ફરજમુક્ત કરવામાં આવશે. તેમજ ૨૩૦૦ TRB જવાનોને ૩ વર્ષ કરતાં વધુ સમય થઈ ગયો હોવાથી ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ છૂટા કરવામાં આવશે. અમદાવાદમાં TRB જવાનો આજે હડતાળ પર ઉતર્યા છે. કલેક્ટર ઓફિસ બહાર TRB જવાનોએ સૂત્રોચ્ચાર કર્યા. રાજ્ય સરકારના એક પરિપત્રને લઈને ટીઆરબી જવાનોમાં વિરોધ જોવા મળ્યો છે. TRB જવાનોને છૂટા કરવાના નિર્ણય સામે વિરોધ દર્શાવાયો છે.




ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com


## ગોમતીપુરમાં પત્નિએ શંકાશીલ સ્વભાવથી કંટાળીને પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

### પરિણીતાને નોકરીથી ઘરે આવવામાં મોડું થાય ત્યારે પણ તેનો પતિ તેની સાથે ઝઘડો કરતો

। અમદાવાદ,તા.૨૨ ।

ગોમતીપુર વિસ્તારમાં રહેતી બે બાળકોની માતાએ પતિના શંકાશીલ સ્વભાવથી કંટાળીને પતિ વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. લગ્નના અઢાર વર્ષ બાદ પણ નોકરી કરતી પત્ની પર શંકા વહેમ રાખીને પતિ બોલાચાલી ઝઘડો કરતો હતો. પરિણીતાને નોકરીથી ઘરે આવવામાં મોડું થાય ત્યારે પણ તેનો પતિ તેની સાથે ઝઘડો કરતો હતો.

શહેરના ગોમતીપુર વિસ્તારમાં રહેતી ૩૬ વર્ષીય પરિણીતાએ તેના પતિ વિરુદ્ધમાં ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે. છેલ્લા એક વર્ષથી પરિણીતાને નોકરી પરથી આવતા મોડું થાય તો તેના પર શક વહેમ રાખીને બોલાચાલી ઝઘડો કરતો હતો. ૨૦મી નવેમ્બરના દિવસે સવારના સાડા આઠેક વાગ્યાની પરિણીતા નોકરીએ જવા માટે તૈયાર થયેલ અને તેનો પતિ સુતો હતો. પરિણીતાના પતિ પાસે તેનો દુપટ્ટો હોવાથી તેણે દુપટ્ટો માંગ્યો હતો. જેથી પરિણીતાના પતિએ દુપટ્ટો આપ્યો ન હતો અને કહ્યું હતું કે, કઈ નોકરી કરવાની જરૂર નથી, તેમ કહીને બોલાચાલી ઝઘડો કરીને બીભત્સ ગાળો બોલાવ લાગ્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨